ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૯૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા વદ ૦૮ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 192 • Dt.21-02-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

21 FEBRUARY- 2025 FRIDAY




P.07 સલમાન-સંજય દત્ત સાઉદીમાં હોલીવુડ ફિલ્મનું શૂટિંગ કરતા જોવા મળ્યા



P.07 વિક્કી કૌશલની ફિલ્મ 'છાવા' ૨૦૦ કરોડની નજીક પહોંચી

દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ સોગંદ લીધા હતાં । ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બન્યા



07



07

ભારત અને મલેશિયા વચ્ચે સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે સહયોગ પર કરાર






















## અમદાવાદ: વર્ક પરમિટ વિઝાની લાલચ આપી ૨૧ લાખની ઠગાઈ

| અમદાવાદ, તા.૨૦ |

કેનેડા અને સિંગાપુરના વર્ક પરમિટ વિઝા કરાવી આપવાનું જણાવીને નરોડામાં રહેતા દંપતીએ ગાંધીનગરના પરિવાર સાથે રૂ.૨૧ લાખની પડાવી લઈને વિઝા નહીં આપીને ઠગાઈ આચરી છે. ગાંધીનગરની પરિણીતાએ તેના ભાઈ, પતિ તથા જેઠના વિઝા કરાવ્યા હતા. બાદમાં વર્ક પરમિટ નહીં થતા તમામને ઈન્ડિયા પાછા આવી જવું પડ્યું હતું. આ અંગે પરિણીતાએ નરોડાના દંપતી વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે પણ આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.બનાવની જો વિગતવાર વાત કરીએ તો, ગાંધીનગરના અડાલજમાં રહેતા નિતુબેન મારવાડી (ઉં.વ.૨૭) તેમના પતિ અને પરિવારના અન્ય સભ્યો સાથે રહે છે.

## ગુજરાતના સરકારી કર્મચારીઓએ સમયસર ઓફિસ પહોંચવું પડશે

| નવીદિલ્હી, તા.૨૦ |

સરકારી નોકરી કરતાં કર્મચારીઓ માટે ગુજરાત સરકારે એક મોટો નિર્ણય લીધો છે. બજેટ પહેલા સરકારી કર્મચારીઓની હાજરીને લઈ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. સરકારી કર્મચારીઓએ સમયસર ઓફિસ પહોંચવું પડશે. જી હા...હવે રોજ સવારે ૧૦:૪૦ સુધી કર્મચારીઓએ ઓફિસ પહોંચવાનું રહેશે. જ્યારે ઓફિસ છોડવાનો સમય સાંજે ૬:૧૦ નો રહેશે. સવારે સમય કરતા મોડા અને સાંજે વહેલા જતા કર્મચારીઓની રજા કપાશે. આવાં કર્મચારીઓના અડધા દિવસની રજા કાપવાનો પણ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિર્ણય લેવાયો છે.નોંધનીય છે કે ગુજરાત સરકારે સરકારી કચેરીઓમાં કર્મચારીઓએ સમયસર હાજરી માટે ડીજીટલ એટેડન્સ સિસ્ટમનો અમલ કર્યો હતો. આ નિર્ણયનો સરકાર દ્વારા અમુક નિશ્ચિત કચેરીઓમાં જ અમલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ સરકારી કચેરીઓમાં તેનો અમલ કરવામાં આવશે તેવું કહેવામાં આવ્યું હતું.

### , વિદ્યાર્થીઓ માટે સરકારે ખોલ્યો ખજાનો

# શિક્ષણ વિભાગ માટે બજેટમાં ૫૯,૯૯૯ કરોડની જોગવાઇ

**મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઇ**

| ગાંધીનગર, તા.૨૦ |

ગુજરાતની શિક્ષણ પદ્ધતિ ૨૧મી સદીની આવશ્યકતાઓ અને વૈશ્વિક બજારની માંગ અનુસાર બદલાઈ રહી છે. ટેકનોલોજી, ઈનોવેશન અને કુશળતા વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગત્યનો ભાગ ભજવશે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઈ કરવમાં આવી છે રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડની જોગવાઈ.,નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૨૫૦ કરોડની જોગવાઈ,એસ.ટી.નિગમની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન માટે ૨૨૩ કરોડની જોગવાઈ.,જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ્સ ઑફ એકસલન્સ માટે ૨૦૦ કરોડની જોગવાઈ. સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૨૨ હજાર કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.આ ઉપરાંત મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ હેઠળ અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૧૦૦ કરોડની જોગવાઈ.,મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અંતર્ગત અંદાજે ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અંદાજે ૭૮ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા ૪૧૦ કરોડની જોગવાઈ., એલ.ડી.ઈજનેરી કોલેજ-અમદાવાદ ખાતે ડેમોન્સ્ટ્રેટીવ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબ અને અન્ય છ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબની સ્થાપના માટે ૧૭૫ કરોડની જોગવાઈ,મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૨૫૦૦ વિદ્યાર્થીઓને સહાય આપવા ૩૨ કરોડની જોગવાઈ.,વિદ્યાર્થીઓ ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર, ફિનટેક, એરોસ્પેસ વગેરે વિષયોમાં કૌશલ્ય વિકાસ થકી આગામી સમયમાં ઉદ્ભવનાર તકનો લાભ મેળવી શકે તે હેતુથી ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી માટે ૧૦૦ કરોડની જોગવાઈ.




## ગુજરાત વહીવટી સેવા કેડરના ૨૦ અધિકારીઓને આઇએએસ માટે નોમિનેશન મળ્યું

| અમદાવાદ, તા.૨૦ |

ગુજરાત રાજ્યના વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે, જેમાં ગુજરાત વહીવટી સેવા (આઈએએસ) કેડરના ૨૦ પ્રતિભાશાળી અધિકારીઓને ભારતીય વહીવટી સેવામાં નોમિનેટ કરવામાં આવ્યા છે. આ નોમિનેશન ગુજરાતના વહીવટી માળખાને વધુ મજબૂત બનાવશે અને જાહેર સેવાના ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ હાંસલ કરશે.

૨૦૨૩માં એડિશનલ કલેક્ટર તરીકે ફરજ બજાવતા ૫ અધિકારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરીના આધારે જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી આપવામાં આવશે. આ અધિકારીઓ હવે જિલ્લા સ્તરે વિકાસ કાર્યોની જવાબદારી સંભાળશે અને સ્થાનિક વહીવટને વધુ અસરકારક બનાવશે.

૨૦૨૪માં ૧૫ આઈએએસ અધિકારીઓને તેમની મહેનત અને સમર્પણના પરિણામે આઈએએસ અધિકારી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ અધિકારીઓ હવે રાષ્ટ્રીય સ્તરે વિવિધ વહીવટી ભૂમિકાઓ ભજવશે અને દેશના વિકાસમાં યોગદાન આપશે.આ નોમિનેશન ગુજરાતના વહીવટી તંત્રમાં એક મહત્વપૂર્ણ બદલાવ લાવશે, કારણ કે જીએએસ કેડરના અધિકારીઓને આઈએએસ માં સ્થાન મળવાથી વહીવટી તંત્રમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર થશે.

### બજેટમાં રાજ્ય સરકારે ખેડૂતો માટે જાહેરાત

# કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ૩ લાખથી વધારી પાંચ લાખ કરવામાં આવી

| ગાંધીનગર,તા.૨૦ |

જગતના તાત એવા અન્નદાતા માટે અમારી સરકાર હંમેશા સંવેદનશીલ રહી છે. ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવામાં ઝેરી જીવજંતુઓ તેમજ જંગલી પ્રાણીઓનો ભય રહેતો હતો. આ મુશ્કેલીઓ અને રાતના ઉજાગરામાંથી મુકત કરવા અમે દિવસે વીજળી આપવા ‘‘કિસાન સૂર્યોદય યોજના’’ અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રાજ્યના ૧૬,૬૮૩ એટલે કે ૯૭% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે. આ યોજનાને વધુ સુદ્રઢ કરવા માટે આ બજેટમાં ૨૧૭૫ કરોડની ફાળવણી કરું છું.

સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ થયા બાદ કેનાલ હેઠળના કામો પૂર્ણતાના આરે છે. સરદાર સરોવર યોજનાની ૧૮ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા સામે ૧૭.૨૨ લાખ હેક્ટર સિંચાઇ વિસ્તાર વિકસિત થયેલ છે. બાકી રહેતા નહેરોના નેટવર્કના કામો પ્રગતિ હેઠળ છે.

કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ૩ લાખથી વધારી ૫ લાખ કરવામાં આવેલ છે. જેનો પૂર્ણ પણે અમલ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત ૪% વ્યાજ રાહત આપવા માટે ૧૨૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ લોન દર વર્ષે ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓને મળતાં તેઓ પોતાની પ્રવૃત્તિ સમયસર કરી શકે છે. રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાને પ્રાથમિકતા આપેલી છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવાન બનાવવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૦૦ કરોડથી વધુની જોગવાઇ સૂચવું છું.

કૃષિ ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવા માટે અમારી સરકાર કૃષિ-યાંત્રિકીકરણને મહત્વ આપે છે. આ બજેટમાં ખેડૂતોને ટ્રેક્ટર ખરીદીની હાલની સહાયમાં વધારો કરી ૧ લાખ કરવાની જાહેરાત કરું છું. આ ઉપરાંત ખેડૂતોને વિવિધ ખેતઓજારો, મીની ટ્રેક્ટર, ખાતર અને અન્ય ઉપકરણો માટે સહાય આપવા ૧૬૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

ઊભા પાકને વન્ય પ્રાણીઓથી રક્ષણ માટે ખેતરની ફરતે ફેન્સીંગ બનાવવા માટે ૫૦૦ કરોડની જોગવાઇ સૂચવું છું. કૃષિ ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા એગ્રો પ્રોસેસીંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે ૧૦૦ કરોડની જોગવાઇ સૂચવું છું.ગ્રામ્ય વિસ્તારોમાં વ્યવસાયની તકો અને આવક વધારવા અમે ખેતીની સાથે સાથે મત્સ્યઉદ્યોગ અને પશુપાલન ઉપર પણ એટલો જ ભાર મૂકી રહ્યાં છીએ. મત્સ્ય ઉત્પાદનમાં વૃદ્ધિ અને રોજગારી સર્જન માટે આ બજેટમાં ૧૬૨૨ કરોડના પેકેજની જોગવાઇ કરવામાં આવી છે. જે થકી અંદાજે કુલ ૨૭ હજાર યાંત્રિક-બિનયાંત્રિક બોટ અને ૨ લાખ જેટલા માછીમારોને વિવિધ યોજનાઓના લાભ મળશે. જેમાં મુખ્યત્વે માછીમારી માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસીંગ અને નિકાસ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

## ચૂંટણીની જીતના માહોલ વચ્ચે લોરેન્સ બિશ્નોઈના પોસ્ટરો જોવા મળ્યાં

| ખેડા, તા.૨૦ |

ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આજે જાહેર થયા છે. ફરી એકવાર ભાજપે પ્રચંડ વિજય મેળવ્યો છે, કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષોને સફાયો કરી દીધો છે. ત્યારે જીત અને હારના સમાચાર વચ્ચે, ગેંગસ્ટર ‘લોરેન્સ બિશ્નોઈ’ પણ અચાનક ચર્ચામાં આવી ગયો છે. કેટલાક લોકો લોરેન્સ બિશ્નોઈના પોસ્ટર લઈને મતગણતરી કેન્દ્ર પર પહોંચ્યા હતા.ખેડા જિલ્લાની મહેમદાવાદ નગરપાલિકા માટે થયેલા મતદાનના પરિણામો પણ સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા. અહીં મતગણતરી સાથે જીત અને હારની જાહેરાત પણ ચાલી રહી હતી. આ દરમિયાન એક ઉમેદવારના સમર્થકો ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના પોસ્ટર લઈને ત્યાં પહોંચ્યા. ખતરનાક ગેંગસ્ટરના પોસ્ટરો લઈને, આ લોકોએ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. નવાઈની વાત એ છે કે મતગણતરી કેન્દ્ર પર ભારે પોલીસ બંદોબસ્ત હોવા છતાં આ કરવામાં આવ્યું. આ ઘટના મહેમદાવાદમાં સોનાવાલા હાઈસ્કૂલ કેમ્પસની બહાર બની હતી. ઉમેદવારની જીત બાદ અહીં લોરેન્સ બિશ્નોઈના પોસ્ટર પકડીને ઉજવણી કરવામાં આવી હતી. જોકે, પોલીસે પોસ્ટરો જપ્ત કર્યા હતા. સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે.

## ફરી મેયરની ગરિમા ન જળવાઇ, સંકલન બેઠકમાંથી મેયર ઉભા થઇને ભાગ્યા

| રાજકોટ, તા.૨૦ |

રાજકોટ મહાનગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા તૈયાર કરાયેલું અંતિમ બજેટ જનરલ બોર્ડમાં રજૂ કરવાનું હતું તે પહેલા મળેલી રાજકોટ ભાજપ સંગઠન અને કોર્પોરેટરોની સંકલનની બેઠક છોડીને મેયર પોતાની ઓફિસમાં પહોંચી ગયા હતા.વાત એમ હતી કે સંકલનની બેઠકમાં જ્યારે મેયર પોતાની વાત રજૂ કરી રહ્યા હતા તે સમયે કેટલાક કોર્પોરેટરો મજાક કરી રહ્યા હતા અને મેયરની વાત ધ્યાને લેવામાં ન આવતા મેયર રોષે ભરાયા હતા અને સંકલનની બેઠક છોડીને પોતાની ચેમ્બરમાં પહોંચી ગયા હતા. મેયરની નારાજગીને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તુરંત જ સમજી ગયા હતા અને સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર અને શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી મેયરની સમજાવટ કરીને ફરી સંકલનમાં લાવ્યા હતા.આ અંગે ટીવીનાઈન દ્વારા મેયર નયનાબેન પેઢડિયાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે સંકલનની બેઠકમાં મજાક ચાલતી રહેતી હોય છે.જો કે બેઠક છોડી દેવા મામલે દાવો કર્યો હતો કે મારે ચેમ્બરમાં કામ હોવાથી હું ચેમ્બરમાં આવી હતી. એટલે કે મેયર નયનાબેન પેઢડિયાએ આડકતરી રીતે તેઓ ચેમ્બરમાં આવી ગયા હોવાની વાતનો સ્વિકાર કર્યો હતો.




### ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ જાહેર

# નાણામંત્રી કનુ દેસાઈએ સતત ચોથી વખત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કર્યું

## બજેટમાં "ઘરનું ઘર" સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે

। ગાંધીનગર, તા.૨૦ ।

નાણામંત્રી કનુ દેસાઈએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કર્યું. સતત ચોથી વખત કનુ દેસાઈએ બજેટ રજૂ કર્યું. ગુજરાતનું ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ જાહેર કરાયું છે. આ બજેટમાં મહિલાઓ માટે મોટી જાહેરાત કરાઈ છે. જેમાં મહિલાઓની આત્મનિર્ભરતા માટે 'સખી સાહસ' યોજના અમલમાં મૂકાઈ. સાથે જ નોકરી માટે ઘરેથી દૂર રહેતી મહિલાઓ માટે વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે. તો ગુજરાતની ૬ એન્જિનિયરીંગ કોલેજમાં એઆઈ લેબની સ્થાપના કરાશે. આ ઉપરાંત આદિજાતિના સર્વાંગ વિકાસ માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજનાની જાહેરાત કરાઈ. એસસી,એસટી અને ઓબીસી વર્ગના યુવાનોમાં સ્વરોજગારી વધારવાની તક માટે લોન પર વ્યાજ સહાય અપાશે.

નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત ૩૦,૩૨૫ કરોડની જોગવાઈ. શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૪૦ ટકાનો માતબર વધારો કરાયો. ગુજરાતની ૬૯ નગરપાલિકાઓને અપગ્રેડ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વડીલો પાછી મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતા હક કવિના લેખ ઉપર પ્રવર્તમાન ૪.૯૦




સ્ટેમ્પ ડ્યુટી ના બદલે પુત્રના વારસદારોની જેમ જ ૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. એક કરોડની રકમ માટે ઉપર ૦.૨૫% લેખે મહત્તમ ૨૫,૦૦૦ ની સ્ટેન્ડ ડ્યુટી ભરપાઈ કરવાની થાય છે તેમાં ઘટાડો કરીને હવે ૫૦૦૦ રૂપિયા સ્ટેન્ડ ડ્યુટી ભરવાની થશે.

તેમણે કહ્યું કે ઈલેક્ટ્રીક વાહનો ઉપર હાલ છ ટકા સુધી ઉચ્ચક વાહનવેરો અમલમાં છે તે સંપૂર્ણપણે ઈલેક્ટ્રીક બેટરીથી ચાલતા વાહનો પર એક વરસ માટે પાંચ ટકા રીપીટ આપવામાં અસરકારક ૧% લેખે નો વેરો રાખવાનો નિર્ણય લીધો છે. ૬ ટકાનો વેરો છે એમાં ૫% ની રિબેટ આપીને એક ટકો જ વેરો લેવાશે. એક વર્ષ કરતા ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના લેખ પર વાર્ષિક સરેરાશ એક ટકા સ્ટેમ્પ ડ્યુટી ભરવાની જોગવાઈ છે. તેની સ્થાને માટે રૂપિયા ૫૦૦ તથા વાણિજ્ય માટે રૂપિયા ૧૦૦૦ની સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવશે મેક્સી કેટેગરીમાં પેસેન્જર પરીક્ષા મુજબ આઠ ટકા અને ૧૨% ના બદલે હવે માત્ર છ ટકા રાખવામાં આવ્યો

મહિલાઓની આત્મનિર્ભરતા માટે હું નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરું છું. જેમાં મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી તથા તાલીમ આપવા ૧૦૦ કરોડની જોગવાઇ કરું છું. આપણી જે બહેનોને નોકરી માટે પોતાના ઘરથી દૂર રહેવાની જરૂર પડે છે. તેના માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરમાં સુવિધાજનક વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન છે. કેન્સરના દર્દીઓ માટે વલસાડ ગોધરા હિંમતનગર અને પોરબંદર ખાતે સુવિધા ઉભી કરવામાં આવશે. આ માટે ૧૯૮ કરોડની જોગવાઈ કરાઈ. કેન્સરના દર્દીઓને ગુજરાત પોષણ મેસેજ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ સુધી આવું ન પડે તેવી વ્યવસ્થા ઉભી કરાશે

પ્રધાનમંત્રી આવાસ યોજના અને ગ્રામીણ વિસ્તાર માં આવાસ યોજના માં સરકારી પ્લોટ નહીં ઉપલબ્ધ હોય તો પ્લોટ ખરીદી કરવા રૂપિયા ૧ લાખ ની સહાય ની જાહેરાતઅમદાવાદથી ડાકોર, સુરતથી સચિન નવસારી, વડોદરાથી એકતા નગર, રાજકોટથી ભાવનગર, મહેસાણાથી પાલનપુર અને અંકલેશ્વરથી રાજપીપળા હાઈસ્પીડ કોરિડોર બનાવવામાં આવશે.

### રાજ્ય સરકાર દ્વારા આજે બજેટ જાહેર કરવામાં આવ્યું

# ગૃહ વિભાગ માટે કુલ રૂપિયા ૧૨૬૫૯ કરોડની જોગવાઇ, ૨૪ જિલ્લાઓમાં સાયબર ફોરેન્સિક યુનિટ શરુ કરાશે

। ગાંધીનગર, તા.૨૦ ।

રાજ્ય સરકાર દ્વારા આજે બજેટ જાહેર કરવામાં આવ્યું છે. નાણા પ્રધાન કનુ દેસાઈ ચોથી વાર બજેટ રજૂ કર્યું છે. વિકસિત ભારત ૨૦૪૭ ને ધ્યાન માં રાખી જ્ઞાન થીમ પર બજેટ તૈયાર કરાયું છે. જેમાં ગૃહ વિભાગ માટે કુલ ૧૨૬૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં આંતરિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાના સંચાલન માટે ઝીરો ટોલરન્સ પોલિસી સાથે અમારી સરકાર અનેક સુધારાઓ કરી રહી છે.રાજ્યમાં સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સાયબર ક્રાઈમ, સાયબર સિક્યુરિટી અને સાયબર ઈન્ટેલિજન્સની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. જે માટે ૧૧૮૬ નવી જગ્યાઓ તથા આઈ. ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૨૯૯ કરોડની જોગવાઈ કરી છે.રાજ્યની વિશિષ્ટ પોલીસ ટૂકડીઓ જેમકે બીડીડીએસ ટીમ,કયુઆરટી ટીમ,એસડીઆરએફ કંપનીમાં કમાન્ડો માટે સાધન સામગ્રીની ખરીદી માટે ૬૩ કરોડની જોગવાઈ કરી છે.સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે "એક ભારત, શ્રેષ્ઠ ભારત" વિઝનની ઉજવણી માટે ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના તમામ બાકી રહેતા ૨૪ જિલ્લાઓ ખાતે સાયબર ફોરેન્સિક યુનિટ શરૂ કરવા માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.એન્ટી નાર્કોટિકસ ટાસ્ક ફોર્સ માટે ૨૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સુપર સ્ટાર શાહરૂખ ખાનના ઘરમાં ઘુસનારો શખ્સ ગુજરાતમાંથી ઝડપાયો

। ભરૂચ, તા.૨૦ ।

એક વર્ષ પહેલા સુપર સ્ટાર શાહરૂખખાનના મકાનના ત્રીજા માળ સુધી પહોંચનાર ઈસમને ભરૂચ પોલીસે મોના પાર્ક સોસાયટીના નિવૃત્ત આર્મી જવાનના મકાનમાં થયેલી ચોરીના ગુનામાં ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીમાં ગયેલો મુદ્દામાલ રિકવર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં મોનાપાર્ક સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મી જવાન સિરાજ મહેતાના ઘરમાં અજાણ્યા તસ્કરોએ પ્રવેશી આઠ તોલા સોનાના દાગીના ચાંદી તથા રોકડા સવા બે લાખની મત્તા ઉપર હાથ ફેરો કર્યો હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં મથકમાં નોંધાઈ હતી. આ મામલે બી ડિવીઝન પોલીસ મથકના પીઆઈ આર.એમ. વસાવાએ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ તપાસી તલાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે માહિતીના આધારે ચોરીને અંજામ આપનાર રામ સ્વરૂપ સુખરાજ કુશવાહા ઉંમર વર્ષ ૨૧ હાલ રહેવાસી ગોલ્ડન શોપિંગ આમોદ, મૂળ રહે વાટા ફળિયુ આમોદ અને મોના પાર્ક સોસાયટીમાં રહેતા મિન્હાઝ સિંધાને ઝડપી પાડ્યા હતા.

## ગ્રીષ્માકાંડ જેવી ઘટનામાં યુવતીની અંતિમયાત્રા નીકળી! સુરતની દર્દનાક ઘટના

। સુરત, તા.૨૦ ।

સુરત જિલ્લામાં ફરી સર્જાયેલ ગ્રીષ્માકાંડ જેવી ઘટના મામલે યુવતીની અંતિમ નીકળી નીકળી. અંતિમયાત્રામાં પરિવારજનોની સાથે મોટી સંખ્યામાં સામાજિક આગેવાનો સહિતના લોકો જોડાયા, વાંકલ બજાર બંધ રાખી દીકરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, ફાસ્ટટ્રેક કોર્ટ માં કેસ ચલાવી હત્યારા યુવકને કડક સજાની માંગ કરવામાં આવી છે. ગતરોજ સુરતના માંગરોળ તાલુકાના બોરીયા ગામે ગ્રીષ્માં હત્યાકાંડ કેવી સર્જાયેલી ઘટનાથી ભારે ચકચાર મચી જવા પામી હતી. બોરીયા ગામની ૨૦ વર્ષીય તેજસ્વી ચૌધરી નામની યુવતીની પ્રેમ પ્રકરણમાં યુવકે ચપ્પુ વડે ગળું કાપી હત્યા કરી હતી અને બાદમાં યુવકે પોતાનું પણ ગળું કાપી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. શ્વાસનળીના ભાગે ઈજાઓ પહોંચતા હાલ યુવક સારવાર હેઠળ છે. ચકચારીત હૃદય કંપાવનારી ઘટનાથી લોકો શોકમગ્ન છે. વાંકલ બજારના વેપારીઓ દ્વારા આજે સ્વૈચ્છિક બજારની દુકાનો બંધ રાખી દીકરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. સવારથી દુકાનો બંધ રાખી દીકરી આત્માને શાંતિ માટે પ્રાર્થના યોજી હતી. યુવતીની હત્યા બાદ પોતે આપઘાતનો પ્રયાસ કરનાર સુરેશ જોગી નામનો યુવક હાલ સારવાર હેઠળ છે. આજરોજ બોરીયા ગામે નીકળેલી યુવતીની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સામાજીક આગેવાનો સહિતના ગ્રામજનો જોડાયા હતા. હૃદય કંપાવનારી ઘટનાને પગલે અંતિમયાત્રા દરમ્યાન લોકોની આંખો ભીની થઈ હતી. દીકરી ગુમાવતા પરિવારજનોમાં આક્રંદ જોવા મળ્યું. યુવતીના પરિવારજનો તેમજ સામાજિક આગેવાનો આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી ઝડપથી ચાર્જશીટ રજૂ કરી હત્યારા યુવકને કડકમાં કડક સજા થાય એવી માંગ કરી રહ્યા છે. સુરત જિલ્લામાં ફરી સર્જાયેલ ગ્રીષ્માકાંડ જેવી ઘટના મામલે યુવતીની અંતિમ નીકળી નીકળી.






## તંત્રી લેખ...

# અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા

મનીષ સિસોદિયાની ધરપકડ આમ આદમી પાર્ટી માટે ઈતિહાસનું એક ચક્ર પૂરું કરવા સમાન છે. સિસોદિયા દિલ્હી સરકારમાં જ નંબર બે નથી, પરંતુ પાર્ટીમાં પણ તેઓ નંબર બેની હેસિયત ધરાવે છે. તેમનું મહત્ત્વ સરકાર અને પાર્ટીથી વધારે એ વાતથી છે કે અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા. મનમોહન સરકારે જ્યારે અન્ના અને કેજરીવાલને તિહાર જેલમાં મોકલ્યા હતા, ત્યારે સિસોદિયા પણ જેલમાં ગયા હતા. કેજરીવાલ સાથે તેમની ગાઢ મિત્રતા છે. અન્ના આંદોલનની રૂપરેખા પણ બંનેએ મળીને બનાવી હતી. ચહેરા તરીકે અન્નાની પસંદગી પણ બંનેએ મળીને જ કરી હતી. કહી શકાય કે અન્ના આંદોલનના નાયક જો કેજરીવાલ હતા, તો સિસોદિયાની ભૂમિકા પણ નાયકથી ઓછી ન હતી. એવામાં ભ્રષ્ટાચાર વિરોધી નાયકનું ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું ઘણું વિરોધાભાસી છે. આપ સરકારની શરાબ નીતિ પહેલેથી જ વિવાદોમાં હતી. શરાબના કોન્ટ્રાક્ટ ખાનગી હાથમાં આપવાના સરકારના નિર્ણય પર પહેલા દિવસથી જ સવાલ ઉઠવા લાગ્યા હતા. એમ કહેવું મુશ્કેલ છે કે શરાબ નીતિમાં કૌભાંડ થયું કે નહીં, તે તપાસનો વિષય છે, પરંતુ જે રીતે નવા ઉપરાજ્યપાલના આવ્યા બાદ સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવ્યા, તેના તરત બાદ મનીષ સિસોદિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી નીતિ માટે પૂર્વ ઉપરાજ્યપાલ અનિલ બૈજલને જવાબદાર ઠેરવવામાં આવ્યા, તેનાથી આખી શરાબ નીતિને બદલવાની શંકાને પાકી કરવામાં મોટી ભૂમિકા નિભાવી કે ક્યાંકને ક્યાંક કોઈ ગરબડ તો છે જ! શંકાની દીવાલ ત્યારે વધુ મોટી થઈ જાય છે જ્યારે ગોવા અને પંજાબની ચૂંટણી દરમ્યાન પાણીની જેમ પૈસા વહાવવામાં આવ્યા. ટીકાકારો સવાલ પૂછવા લાગ્યા હતા અને આ જ એ ક્ષણ હતી જ્યારે સરકારી એજન્સીઓને આપ પર હાથ નાખવાનો મોકો મળી ગયો. આ આરોપોમાં કેટલો દમ છે અને તેમાં સિસોદિયાની શી ભૂમિકા છે એ તો અદાલતમાં સાબિત થશે, પરંતુ પાર્ટી પર દાગ ચોક્કસ લાગી ગયો. એ માનવું થોડું મુશ્કેલ છે કે સિસોદિયા જેવા નેતા પર કેન્દ્ર સરકારે એમ જ હાથ નાખી દીધો હોય. આમ આદમી પાર્ટી ૨૦૧૦ના દાયકામાં એક એવા વિચાર તરીકે ઉભરી હતી, જેને સત્તા અને રાજનીતિના અશ્લીલ અને ઘૃણિત ગઠબંધન વિરુદ્ધ વિદ્રોહ કહી શકાય. તેણે ભ્રષ્ટાચારના વિરોધમાં દેશમાં એવી હવા ઊભી કરી કે મનમોહન સિંહની સરકાર ઊડી ગઈ, કોંગ્રેસ સંકટમાં ઘેરાઈ ગઈ અને મોદી નામનો વિચાર દેશ પર છવાઈ ગયો. આપ પાસે દેશ-દુનિયાને નવી દૃષ્ટિ આપવાની આશા લોકો રાખતા હતા. એ સંજોગ નથી કે જ્યારે મોદીનું વાવાઝોડું આખા દેશમાં ફરી રહ્યું હતું.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઇ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઇ રહી છે. તબીબો કહે છે કે આઇસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### ખિસકોલીની કુલ ૩૬ પ્રજાતિઓ છે

**ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પણ એક લાંબી છલાંગ લગાવે છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તે ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે.**

# ભાગ્યેજ જોવા મળતી અને લુપ્ત થવાને આરે આવેલ ઉડતી ખિસકોલી:એક દૂર્લભ સસ્તન પ્રાણી

**એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઇ લો!**



ખિસકોલી તો સૌ કોઈએ જોઈ હશે. પટાવાલી અને અત્યંત ચપળ એવી ઝાડ પર સડસડાટ ચઢી જતી ખિસકોલી વિશે આજે વાત નથી કરવી પણ આજે આપણે ભાગ્યેજ કોઈએ જોઇ હોય એવી અત્યંત દુર્લભ ગણાતી એવી ઉડતી ખિસકોલી વિશેની આજે વાત કરવી છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તે ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે. એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઈ લો! પોતાના પગ જરાક ઊંચા નીચા કરીને એ સહેજ ઢાળ બનાવે એટલે હવામાં અદ્રશ્ય લપસણી પર સરકતી હોય તેમ બીજા વૃક્ષ સુધી પ હોંચી શકે છે. એટલા નાના નાના અંતર સુધી તે ઊડતી રહે છે. આના લીધે જ તેનું નામ 'ઉડતી ખિસકોલી' પડયું છે. આ ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પરંતુ એક ઉંચા વૃક્ષ પરથી થોડે દુર આવેલ બીજા ઉંચા વૃક્ષની નિચેની તરફની ડાળી પર એક લાંબી છલાંગ લગાવે છે. તેમ કહી શકાય છે. આગળના એને પ ાછળના પગો વચ્ચે જોડાયેલી વધારાની ચામડીની મદદથી તે હવામાં થોડાક અંતર સુધી સરકી શકે છે. મોટી ઊડતી ખિસકોલી વિશેષતા એ છેકે આવી વધારાની ચામડી પગની એડીના ભાગેથી લઈને પુંછડી સાથે પણ તે જોડાયેલી હોય છે. જ્યારે કોઈ શિકારી હુમલો કરે છે, ત્યારે ખિસકોલી તરત જ બીજા ઝાડ પર ઉડે છે, સફળતાપૂર્વક છટકી જાય છે. મોટા પક્ષીથી ઉડવું એટલું સરળ નથી. પરંતુ ખિસકોલી એક ઘડાયેલું ઘુવડ અથવા ઘુવડને પણ મૂંઝવણમાં રાખીને ફ્લાઈટનો માર્ગ બદલી શકે છે. ખિસકોલી ઓક, દેવદાર અને શીશમના વૃક્ષો પર પોતાનો માળો બનાવીને રહે છે. તે ભૂરા રંગની હોય છે. તેને ૩થી ૫૦ સેન્ટીમીટર લાંબી ઉડાન ભરતા જોવાઈ છે. આ પ હાડી વિસ્તારોમાં તે મોટી સંખ્યામાં મળી આવતી હતી, પરંતુ કપાતા જંગલો અને ગ્લોબલ વોર્મિંગના કારણે તેની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ. હવે તેને વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટના શિડ્યૂલ-૨માં સામેલ કરાઈ છે. ઉડતી ખિસકોલી આખો દિવસ વૃક્ષની બખોલમાં ભરાઈ રહે છે અને સાંજે ખોરાકની શોધમાં વૃક્ષની ટોચ સુધી કૂદાકૂદ એટલે કે ઊડાઊડ કરે છે. આખો દિવસ બખોલમાં સૂઈ રહેતી હોવા છતાં તે આખી રાત સક્રિય રહે છે.આ ખિસકોલીની લંબાઈ માત્ર ત્રણ કે ચાર ઈંચ હોય છે. તે આટલી નાનકડી હોવાને લીધે તેને 'પોકેટ પેટ' પણ કહે છે. તે પૂંછડી સાથે વધુમાં વધુ સાત કે આઠ ઈંચની લંબાઈ ધરાવે છે, જ્યારે તેનું વજન ૮૫ ગ્રામ જેટલું જ હોય છે. તેની રુવાંટી મુલાયમ અને રંગ ભૂખરો, લાલ ને આછો રાખોડી હોય છે. ઉડતી ખિસકોલીની લંબાઈ ૩૭ સે.મી હોય છે. તેની પુંછડીની લંબાઈ ૪૧ સે.મી હોય છે. તેનું વજન ૧.૫ થી ૨ કિ.ગ્રા હોય છે. ઉડતી ખિસકોલીનું આયુષ્ય ૧૫ થી ૧૭ વર્ષનું હોય છે. આ પ્રાણી નિશાચર હોય છે. ઉડતી ખિસકોલી સમી સાંજમાં પણ ખોરાકની શોધમાં જોવા મળે છે. તેમજ તે આખી રાત ખોરાક માટે ફર્યા કરે છે. દિવસ દરમિયાન આ ખિસકોલી વૃક્ષની બખોલમાં કે ઘાટી ડાળખીઓમાં સુતી જોઈ શકાય છે. આ ખિસકોલીના માથાથી લઈને શરીર પરનો રંગ બદામી કે કોફી જેવો કંથ્થાઈ રંગનો હોય છે. અમુક વિસ્તારમાં તે ભુખરા રંગની પણ જોવા મળે છે. ગળું, છાતી, અને પેટવાળો ભાગ આછા ભુખરા રંગનો હોય છે કાન મોટા હોય છે. જેની કિનારી લાલશ પડતા કથ્થાઈ રગંની હોય છે. પુંછડી એક સરખી કથ્થાઈ પડતા ભુખરા રંગની હોય છે. કેટલીક ખાસ ખિસકોલીમાં પુંછડીની ટોચ ઘટ્ટ રંગની હોય છે. સુર્યાસ્ત થતાની સાથે જ તેના વૃક્ષ પરના રહેઠાણ માંથી ભ્રમણ માટે એકલવાયી નીકળી પડે છે. કયારેક મધ્યરાત્રે પરત ફરે છે. અને ખોરાક ન મળ્યો હોય તો વહેલી સવાર સુધી વૃક્ષો પર ફરતી રહે છે. વૃ ક્ષોના થડ પર તે કુદતાં કુદતાં જોવા મળે છે. ફળ, બીજ, છાલ, ગુંદર, કે જીવડાં ખાતી વખતે તે તેના આગળના બે પગ વડે ખોરાકને પકડીને મોઢા આગળ રાખીને આગળના દાંત વડે કોતરતી કોતરતી ખાય છે. ખોરાક કઠણ હોય તો તેનો અવાજ પણ આવે છે. તેની આ ખાસીયતને લીધે કર્તનશીલ પ્રાણીઓમાં સમાવિષ્ટ થયેલી છે. એક બીજા સાથે અવાજથી સંપ ર્કમાં રહે છે. ચીસ પાડીને મોટે ભાગે ભય વ્યકત કરે છે. સામાન્યરીતે આ ખિસકોલી ભુખરા રંગની અને આકારમાં સામાન્ય ખિસકોલી કરતા મોટી હોય છે. ઉડતી ખિસકોલી ખોરાકમાં ફળ, ફુલ, પાન, બીજ, જીવડાં, કોશેટા વગેરે ખાય છે. ઊડતી ખિસકોલી શુલપાણેશ્ર્વર અભયારણ્યમાં કાલવટ, વાવ, દુથર વગેરે વિસ્તારોમાં જોવા મળે છે. અમેરિકન ઉડતી ખિસકોલી જીવડાં, પક્ષીનાં ઊંડા, નટ્સ અને વિવિધ પ્રકારના ફળ ખાય છે. તેઓ ઊંચા વૃક્ષો પર રહેતી હોવાથી તેને જમીન પર દોડવાનું ખાસ ફાવતું નથી.



### નિષ્ણાંતોની ચેતવણી : પાણીનો બગાડ જળ કટોકટી સર્જી શકે છે

**વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઇ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઇ છે**

# પાણીની સમસ્યા વધુ વિકરાલ બનશે

**તમામ દેશો સામે આજે તેમના લોકોને શુદ્ધ પીવાનુ પાણી આપવાની બાબત સૌથી પડકારરૂપ બની ચુકી છે : નવા પ્રયોગો પણ જારી છે**



માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં હવે પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ વિકરાલ બની રહી છે. આ સમસ્યા તરફ જો ગંભીરરીતે ધ્યાન આપવામાં નહી આવે તો વધારે ખતરનાક બની શકે છે. આજે વિશ્વના મોટા ભાગના દેશો તેમના દેશમાં નાગરિકોને શુદ્ધ પાણી આપવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે હાલમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો પાણીના બગાડને રોકવામાં નહી આવે તો ટુંક સમયમાં જ વિશ્વને ગંભીરત જળ સંકટનો સામનો કરવાની ફરજ પડી શકે છે. વિશ્વ જળ વિકાસ રિપોર્ટની માહિતી દર ત્રણ વર્ષમાં જારી કરવામાં આવે છે. આ રિપોર્ટને તૈયાર કરવામાં જળ વિજ્ઞાન, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક મુદ્દા સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા યુનેસ્કોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. દુનિયાની વસ્તી હાલમાં જે રોકેટ ગતિથી વદી રહી છે તે જોતા તમામને સ્વચ્છ પીવાનુ પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત વિશ્વના તમામ દેશો માટે હવે એક મોટા પડકાર તરીકે છે. પૃથ્વીના આશરે ૭૧ ટકા વિસ્તાર પર પાણી છે. પરંતુ આ જળ પૈકી ઉપયોગી જળનુ પ્રાણ માત્ર ત્રણ ટકા છે. હકીતમાં ખુબ ઓછા પ્રમાણમાં જ જળ માનવી માટે ઉપયોગી છે. પાણીની સમસ્યા આજે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. પાણીને બચાવવા માટેનો એક સરળ તરીકો વરસાદના પાણીને નુકસાન થતા રોકવાનો છે. આ વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે. ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઇ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઇ છે. આજે દેશમાં બોટલમાં ઉપલબ્ધ પાણીનો કારોબાર સતત વધી રહ્યો છે. ચોક્કસપણે આ કોઇ સારા સમાચાર નથી. અંદાજ કહે છે કે ભારતમાં આશરે ૬૫-૭૦ ટકા પાણીનો ઉપયોગ કૃષિ કાર્ય પર ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગોમાં પણ જળનો ઉપયોગ સતત વધી રહ્યો છે. સમસ્યા એ ઉભરીને આવી છે કે કૃષિ અને ઉદ્યોગને પુરતા પ્રમાણમાં પામી મળી રહ્યુ નથી. સાથે સાથે સામાન્ય લોકોને પણ પુરતુ પાણી મળી રહ્યુન થી. ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવી દેવામાં જળ સંશાધનનુ પણ એટલુ જ મહત્વ છે જેટલુ મહત્વ ઉર્જા અને અન્ય ક્ષેત્રોનુ છે. પરંતુ જળ સાચવણીનો મુદ્દો કેમ ગંભીરતાપૂર્વક હાથ ધરાતો નથી તે બાબત ગળે ઉતરતી નથી. આ સ્થિતી દેશની ગતિને ધીમી ધીમી પડનાર તરીકે છે. વરસાદના પાણીનેસંગ્રહ કરીને રાખવા અને પ્રદુષિત પાણીને ઉપયોગ કરનાર તરીકે બનાવવાની દિશામાં ગંભીરતાપૂર્વકધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે ભૂગર્ભ જળને પણ પ્રદુષણથી બચાવી લેવાની દિશામાંપહેલ કરવાની જરૂર છે. જરૂર પડવાની સ્થિતીમાં દરિયાઇ જળને સિચાઇના પાણી તરીકે ઉપયોગ કરવાની દિશામાં નવી પદ્ધિતી વિકસિત કરવાની પણ જરૂર છે. જો જળના જતન અને સંગ્રહ માટે કોઇ નક્કર પગલા લેવામાં આવસે નહી તો પાણીનુ સંકટ દેશ માટે સંકટ ઉભા કરી શકે છે. આધનિક સમયમાં દુનિયામાં અનેક દેશ અને ખાસ કરીને વિકાસશીલ દેકોઇને કોઇ જળ સમસ્યાથી ગ્રસ્ત છે. જળ એૈક ગતિશીલ સાધન તરીકે છે. અલબત્ત તેની ઉપલબ્ધતા અને વિતરણ અંગે કોઇ આગાહીવ નિશ્ચિત તરીકેથી કરી શકાય નહી પરંતુ તેની સંભવિત અસરને લઇને ચોક્કસરપણે મુલ્યાંકન કરી શકાય છે.જળ આર્થિક વિકાસ તથા પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પાણી અનેક ક્ષેત્રમાં ઉપયોગી છે. જળ સ્તરના ઘટી જવાના અનેક કારણો રહેલા છે. જેમાં વન્ય વિસ્તારોમાં અને ઘાસના મેદાનમાં વારંવાર ફાટી નિકળતી આગની બાબત સામેલ છે. હિમાલિયન ક્ષેત્રો અને અન્ય ક્ષેત્રમાં ખાણની પ્રવતિ પણ જળ સ્તરને ઘટાડી દેવામાં ભૂમિકા ભજવે છે.આ ઉપરાંત વન્ય ક્ષેત્રોને સતત ઓચા કરવાની બાબત પણ સામેલ છે. પાણીનો દુરપયોગ હાલમાં સતત વધી રહ્યો છે. નળ અને પંપના વધતા જતા ઉપયોગનો અર્થ છે કે ભૂગર્ભ જળનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે હાલ હાલમાં અન્ય. તમામ સંશાધનોનો છે તે હાલ પાણીનો પણ છે.



### ટિપ્સ : હેલ્થકેર એન્જિનિયર બનીને ભવિષ્ય બનાવી શકાય છે

**સસ્તી સારવારની ઇચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે**

# આરોગ્ય સેવાની માંગમાં વધારો થયો

**શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે**

કોરોના કાળના કારણે દેશમાં હવે આરોગ્ય સેવાની માંગમાં વધાર થઇ રહ્યો છે. ભારતમાં હેલ્થકેર એન્જિનિયર બનીને કેરિયર બનાવી શકાય છે. ભારતમાં એમ પણ આરોગ્ય નિષ્ણાંતોની વ્યાપક અછત રહેલી છે. સસ્તી સારવારની ઇચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ માટે હેલ્થકેર એન્જિનિયર પાઠ્યક્રમ એક નવી તક તરીકે છે. ભારતમાં હાલમાં આરોગ્ય સેવાની માંગ વધી રહી છે. આ પાઠ્યક્રમમાં ઉમેદવારને માત્ર પોતાના વિષયને સમજવામાં મદદ મળે છે બલ્કે કારોબાર અને ટેકનોલોજી કુશળતાની સાથે કુશળતા રહે તે જરૂરી છે. શોધ કરનાર આજની પ્રાંસગિક સમસ્યાની ઓળખ કરવા અને તેમને હલ કરવામાં મદદ મળે છે. શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે. આ એક બહુ વિષયક વિશેષતાથ ભરેલ છે. જે આરોગ્ય અને એન્જિનિયરિંગ પ્રોફેશનલ બનેને સામેલ કરીને એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણના માધ્યમથી આ ક્ષેત્રને આગળ વધારી દેવામાં મદદ મળે છે. હેલ્થકેર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરવા માટે ઉમેદવારને જીવવિજ્ઞાન, ગણિત, ભૌતિકી અને રસાયણ વિજ્ઞાન જેવા વિજ્ઞાન વિષયની સાથે ધોરણ ૧૨ની પરીક્ષા આપવાની હોય છે. હેલ્થકેરમાં એન્જિનિયરિંગ હમેંશા માંગમાં રહે છે. આ એક ખોટી ધારણા છે કે માત્ર એ લોકો જ જે બાયોમેડિકલ અને ક્લીનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી ચુકેલા ઉમેદવારો જ હેલ્થકેર એન્જિનિયરિંગમાં જઇ શકે છે.

અહીં સુધી કે રસાયણિક, નાગરિક, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ પર્યાવરણ, ઔદ્યોગિક સુચના, સામગ્રી, મેકેનિકલ સોફ્ટવેર તેમજ સિસ્ટમ એન્જિનિયરિંગવાળા વિદ્યાર્થી પણ આને પસંદ કરી શકે છે. આ યાત્રિકીના તરીકાના ઉપયોગ કરીને જૈવિક પ્રણાલીની યાત્રિક પાસાની સરંચના , કાર્ય અને ગતિમાં અભ્યાસ કરવામાં આવે છે. જેનેટિક એન્જિનિયરિંગ અને આરોગ્ય સુચના વિજ્ઞાનમાં પણ અભ્યાસ કરવામાં આવે છે. આ કોશિકાના આનુવાશિક મેક અપને બદલવા માટે ઉપયોગ કરવામાં આવતા ટેકનોલોજી અંગે માહિતી મેળવી લેવામા આવે છે. જેમાં પ્રજાતિઓના સુધારા માટે ઉત્પાદન સામેલ છે. તબીબી સાધનો હેઠળ વિદ્યાર્થીઓને એવા સાધનના સંબંધમાં માહિતી હોવી જોઇએ. જે દર્દીને આરોગ્ય સેવા આપવામાં મદદ મળે છે. સાથે સાથે ઉપચાર કરવામાં મદદ મળે છે. બિમારી અથવા તો બિમારીને દુર કરવા માટે મદદ કરે છે. જેના કારણે તેમની લાઇફમાં ગુણવત્તામાં સુધારો થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ ઈમરજન્સી એક એવી સ્થિતી છે જેના કારણે સામાન્ય પ્રક્રિયાને અસર થાય છે. તાત્કાલિક રીતે લોકોને આરોગ્યની સુવિધા મળે તે જરૂરી છે. જો તમે આરોગ્ય પડકારોમાં રસ ધરાવો છો તો આરોગ્ય સેવા એન્જિનિયરિગમાં કેરિયર બનાવીને લોકોની મદદ કરી શકાય છે. આ ખુબ માંગમાં છે. ભવિષ્યમાં આરોગ્ય સેવાને વધારે મહત્વ મળનાર છે. મહામારી વિજ્ઞાનમાં અભ્યાસને હવે મહત્વ મળનાર છે. મશીન શિખવા અને ડેટા વિજુઅલાઇઝેનના સંબંધમાં મોડલને ડિઝાઇન કરવામા મદદ મળે છે. સાથે સાથે માન્યકરવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાના વર્તમાન સંકટના ગાળા દરમિયાન તેની ઉપયોગિતા વધી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# માંડુ-ધી સીટી ઓફ જોય, એક અદભૂત, નયનરમ્ય સ્થળ જ્યાં વાદળો જમીન પર ઉતરે છે...






મધ્ય પ્રદેશનું પ્રાચીન શહેર માંડુ તેની ઐતિહાસિક ધરોહર માટે જાણીતું છે. માલવા અને નિમાર પ્રદેશના મુખ પર ટેકરી પર વસેલા આ નગર સાથે ઈતિહાસની ઘણી વાર્તાઓ જોડાયેલી છે. પરંતુ, સૌથી વધુ ચર્ચા રાણી રૂપમતી અને રાજા બાઝ બહાદુરના અમર પ્રેમની છે.

અહીંનો દરેક પથ્થર ઈતિહાસમાં નોંધાયેલી આ બે પ્રેમીઓની વાર્તા કહે છે. સુલતાનોના સમયમાં તે શાદીયાબાદ તરીકે પ્રખ્યાત હતું. જેનો અર્થ હતો ‘સુખનું શહેર’. હાલમાં તેને માંડવ અથવા માંડવગઢ કહેવામાં આવે છે. અહીં પથ્થરોથી બનેલા ઘણા વિશાળ મહેલ અને તળાવો છે. તેમની પ્રાચીનતા સાથે, તેઓ તેમની સુંદરતા અને સ્થાપત્ય માટે પણ જાણીતા છે.

આ નાના શહેરમાં મોટાભાગના સ્મારકો 15મી અને 16મી સદીના છે. માંડુનો સૌથી જૂનો સંદર્ભ સંસ્કૃત શિલાલેખમાં છે, જ્યારે તેને મંડપ-દુર્ગા કહેવામાં આવતું હતું. વાસ્તવમાં આ નામ જ આ સ્થળને સાર્થક બનાવે છે.

મધ્યપ્રદેશના લીલાછમ જંગલો અને માતા નર્મદાના મનોહર કિનારાઓ માંડુને માળવાનું સ્વર્ગ બનાવે છે. અહીંના ખંડેર અને ઈમારતો આપણને ઈતિહાસની એક બારી આપે છે જેમાં આપણે માંડુના શાસકોના વિશાળ, સમૃદ્ધ વારસા અને ભવ્યતા સાથે રૂબરૂ થઈએ છીએ. કહેવાય છે કે અહીંના ખંડેરના પથ્થરો પણ વાર્તાઓ બોલે છે અને કહે છે. આ સ્થળે એટલા શાંતિ પ્રવર્તે છે કે આપણને ક્યારેક નવાઈ લાગે કે શું એટલી પણ શાંતિ હોય છે...!

માંડુ ખરેખર રહસ્યોથી ભરેલું છે. અંગ્રેજો તેને ‘સિટી ઓફ જોય’ કહેતા રહ્યા. અદ્ભુત સ્થાપત્ય રચનાઓ માંડુમાં પથરાયેલી છે, જે દેશ અને વિશ્વ માટે એક વારસો છે. અહીંની ઈમારતો શાસકોની કલાત્મક વિચારસરણી, સમૃદ્ધ વારસો અને ભવ્યતાનું દર્પણ છે. માંડુને એક અભેદ્ય કિલ્લો પણ માનવામાં આવતો હતો જેમાં દુશ્મનો ક્યારેય પ્રવેશ કરી શકતા ન હતા.

રાજપૂત પરમાર શાસકો પણ બહારના હુમલાઓથી બચાવવા માટે માંડુને સુરક્ષિત કિલ્લો માનતા હતા. માંડુમાં પહાડોની વચ્ચેની હરિયાળી પ્રવાસીઓને આકર્ષે છે. પરંતુ, વરસાદની મોસમમાં તેની સુંદરતા અદ્ભુત હોય છે. આ જ કારણ છે કે વરસાદ દરમિયાન પ્રવાસીઓની ભીડ અનેકગણી વધી જાય છે. અહીં વાદળો જમીન પર ઉતરે છે.

### રૂપમતી મંડપ

આ મહેલ પાછળની વાર્તા પ્રેમની છે. રૂપમતીનો આ મહેલ માંડવમાં સૌથી વધુ ઉંચાઈ પર બનેલો છે. માંડવના છેલ્લા સ્વતંત્ર રાજા, બાઝ બહાદુર, રૂપમતી સાથે પ્રેમમાં પડ્યા, એક સુંદર ગોવાળિયો જે એક અદ્ભુત ગાયિકા પણ હતી. તેણે તેણીને તેની સાથે મહેલમાં આવવા સમજાવી અને તેની શરત સાથે સંમત થયા કે તેનો મહેલ આદરણીય નર્મદા નદીની સામે હોવો જોઈએ. એ જ રીતે રેવા કુંડનો પાયો નાખવામાં આવ્યો. નર્મદાના દર્શન કર્યા પછી જ રૂપમતી દરરોજ અન્ન-જળનું સેવન કરતી હતી. વાદળો કે ધુમ્મસના કારણે નર્મદાના દર્શન ન થઈ શકે તેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે રૂપમતી મહેલમાં જ રેવા કુંડ બનાવવામાં આવ્યો હતો,

### જહાજ મહેલ

‘ફ્લોટિંગ પેલેસ’ અથવા ‘જહાજ મહેલ’ તેની અનન્ય બાંધકામ શૈલીને કારણે જાણીતો હતો. તે માનવસર્જિત તળાવની મધ્યમાં ઉભું છે, તેને તરતાનું દૈવી દૃશ્ય આપે છે. એવું માનવામાં આવે છે કે ગિયાસુદ્દીન ખિલજીએ તેની રાણીઓ માટે તેને બનાવ્યું હતું. તે ખંડેર શહેરમાં સૌથી વિસ્તૃત હાલની રચનાઓમાંની એક છે અને તેનું બાંધકામ પણ જહાજથી પ્રેરિત હતું.

### હિંડોળા મહેલ....

માંડુના શાહી મહેલ સંકુલમાં હિંડોલા મહેલ અથવા સ્વિંગિંગ પેલેસનો પણ સમાવેશ થાય છે, જે ટી-આકારનું માળખું છે. તે માંડુના સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઈમારત શાહી દરબાર અથવા મીટિંગ હોલ તરીકે સેવા આપતી હતી અને તેની ત્રાંસી દિવાલો માટે જાણીતી છે જે તેના બાહ્ય ભાગને અલગ બનાવે છે.

### બાઝ બહાદુરનો મહેલ....

રેવા કુંડની પૂર્વમાં પહાડી ઢોળાવ પર સ્થિત રાજા બાઝ બહાદુરનો મહેલ છે, જે કલા અને સ્થાપત્યના પ્રચારક હતા. તેમણે રાગ દીપકમાં નિપુણતા મેળવી હોવાનું માનવામાં આવે છે. રાજા આ મહેલનો ચાહક બની ગયો હતો કારણ કે તેમાં રેવા કુંડનો અવિરત નજારો હતો, જેને જોવા માટે રૂપમતી આવતી હતી.

ચંપા સ્ટેપવેલ (ભૂગર્ભ ચેમ્બરોનો મહેલ)

માંડવ આર્કિટેક્ચરનું સૌથી અનોખું પાસું એ છે કે શાહી સંકુલમાં પાણીના પુલ અને સ્ટેપવેલના નિર્માણ દ્વારા જળ સંચયની તકનીકોનો સમાવેશ થાય છે. સૌથી નોંધપાત્ર ચંપા સ્ટેપવેલ છે, જે પેલેસ ઓફ અંડરગ્રાઉન્ડ ચેમ્બર તરીકે પણ ઓળખાય છે.

પહોંચવા અને ફરવા માટે સરળ રસ્તો....

મુંબઈ-દિલ્હી માર્ગ પર સ્થિત ઈન્દોરથી લગભગ 100 કિમીનો સીધો માર્ગ છે. ગુજરાતથી માંડુ કે માંડવ ગઢ જવા માટે દાહોદ થઈને એમપીના ધારથી એક રસ્તો માંડુ માટે ફંટાય છે.ગુજરાતથી આ સ્થળ નજીક કહી શકાય. જ્યાં વિશાળ દરવાજા તમારું સ્વાગત કરે છે. પાંચ કિમીની ત્રિજ્યામાં લગભગ 12 પ્રવેશદ્વાર બાંધવામાં આવ્યા છે. આમાં સુલતાન અથવા દિલ્હી દરવાજાને મુખ્ય ગણવામાં આવે છે. તેને માંડુનો પ્રવેશ દ્વાર પણ કહેવામાં આવે છે.

તે 1405 અને 1407 ની વચ્ચે બાંધવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ પછી આલમગીર દરવાજા, ગાડી દરવાજા, તારાપુર દરવાજા આવે છે. કાળા પથ્થરોથી બનેલા આ દરવાજાઓમાંથી પસાર થઈને પ્રવાસીઓ માંડુમાં પ્રવેશ કરે છે. આ સાથે, હરિયાળીથી ઢંકાયેલી મનોહર ખીણોની વચ્ચે, ઈતિહાસની સાક્ષી આપતી ઈમારતો એક પછી એક નજરે પડે છે.

મંદિરો અને મહેલોનો સંગમ

માંડુમાં ભગવાન રામની ચાર હાથવાળી પ્રતિમા પણ સ્થાપિત છે, જે દુર્લભ અને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મંદિરની નજીક બનેલો આ મહેલ શાહ બદગા ખાને અકબરની હિન્દુ પત્ની માટે બંધાવ્યો હતો. તેની દિવાલો પર અકબર કાળની કલાના નમૂનાઓ જોઈ શકાય છે.

# ઉનાળામાં બરફના ટુકડા જેવી દેખાતી પેટને ઠંડક પ્રદાન કરે છે



આગ્રાની મીઠાઈ પેઠા ખૂબ જ પ્રખ્યાત છે. તેનું નામ સાંભળતા જ મોઢામાં પાણી આવી જાય છે. ઉનાળામાં તમારા આહારમાં પેઠાને અવશ્ય સામેલ કરો. જો તમને રાત્રિભોજન પછી કંઈક મીઠું ખાવાનું મન થાય તો પેઠાનો ટુકડો ખાઓ. ઉનાળામાં રસદાર અને મીઠા પેઠા પેટમાં ઠંડકનો અહેસાસ કરાવશે.

ભારતમાં લોકો ખાણી-પીણીના ખૂબ જ શોખીન છે. કેટલાક લોકો ખાવા માટે ઘણા કલાકો સુધી મુસાફરી કરે છે. ભારતમાં એવા ઘણા રાજ્યો કે શહેરો છે જે તેમના ખાસ ખોરાકની વાનગી માટે પ્રખ્યાત છે. પેઠા આગ્રાની પ્રખ્યાત મીઠાઈ છે. આગ્રા તાજમહેલ માટે જેટલું જાણીતું છે તેટલું તે પેઠા માટે પણ છે. જો કે પેઠા ગમે ત્યારે અને ગમે ત્યાં સરળતાથી ઉપલબ્ધ છે. ન તો બગાડની ઝંઝટ અને ન તો તેને સ્ટોર કરવા માટે રેફ્રિજરેટરની જરૂર પડે છે. ઉનાળામાં તમારે પેઠા અવશ્ય ખાવા જોઈએ. જો તમને જમ્યા પછી કંઈક મીઠી ખાવાનું મન થાય તો પેઠા એક સારી અને હેલ્ધી મીઠી વાનગી છે. ખાસ કરીને ઉનાળામાં પેઠા પેટને ઠંડુ રાખવામાં મદદ કરે છે. બરફના ટુકડા જેવા દેખાતા પેઠા શરીર માટે બરફની જેમ જ કામ કરે છે. પેઠામાં એક નહીં પણ અનેક ઔષધીય ગુણો જોવા મળે છે. પેઠા ઉનાળામાં શરીરને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે. જાણો પેઠા કેમ આટલા ફાયદાકારક છે?

નેશનલ સેન્ટર ફોર બાયોટેક્નોલોજી ઈન્ફોર્મેશન અનુસાર, પેથા ઉનાળામાં પેટના અલ્સર, ટાઈપ 2 ડાયાબિટીસ, બળતરા અને અન્ય ઘણી બીમારીઓને મટાડવામાં મદદ કરે છે. પેઠા પેટ અને પાચન માટે પણ સારા માનવામાં આવે છે.

### પેઠા કેવી રીતે બને છે?

ભુરા નામના ફળમાંથી પેઠા બનાવવામાં આવે છે. તેને કાપીને સારી રીતે છોલવામાં આવે છે. આ પછી તેમાં એક છિદ્ર કરવામાં આવે છે, જેથી ચાસણી અંદર જાય. પછી તેને ચૂનાના પાણીમાં કેટલાક કલાકો સુધી પલાળી રાખવામાં આવે છે. બીજા દિવસે તેને બહાર કાઢવામાં આવે છે, ચાસણીમાં ઉકાળવામાં આવે છે અને પછી સૂકવવામાં આવે છે. આટલી લાંબી પ્રક્રિયા પછી પેઠા તૈયાર થાય છે.

**પેટને ઠંડુ રાખે છે** | પેઠા તાસીરમાં ઠંડા હોય છે. આ એક એવું શાક છે જેમાંથી મીઠાઈ ખૂબ જ સરળતાથી બનાવી શકાય છે. પેઠાની મીઠાઈઓ એટલે કે રસદાર અને સૂકા બંને પ્રકારના પેઠા પેટને ઠંડુ રાખે છે. ઉનાળામાં પેઠા અવશ્ય ખાવા જોઈએ.

**પાચનતંત્રને સુધારે છે** | પેઠા ફાઈબરનો ભરપૂર સ્ત્રોત છે, તેથી જ્યારે પણ તમને પેટમાં ગરબડ અથવા કબજિયાત, ખેંચાણ અને સોજો હોય ત્યારે તમે પેઠા ખાઈ શકો છો. પેઠા બાઉલની હિલચાલને નિયંત્રિત કરે છે. આનાથી આંતરડાની તંદુરસ્તી પણ સુધરે છે.

**સ્થૂળતા ઘટાડે છે** | પેઠા ખૂબ જ ઓછી કેલરીવાળો ખોરાક છે, જે પોષક તત્વો અને ફાઈબરથી ભરપૂર છે. જો તમે રોજ પેઠાનું શાક અથવા જ્યુસ પીતા હોવ તો તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. જો કે વધુ પડતા મીઠા પેઠા ખાવાથી પણ મેદસ્વીતા વધી શકે છે.

**કિડનીને ડિટોક્સ કરે છે** | પેઠા શરીરમાં જમા થયેલી ગંદકીને દૂર કરવાનું કામ કરે છે. આ કિડનીની અંદર પ્રવાહીના સ્ત્રાવને વધારવામાં મદદ કરે છે. પેઠા શરીરને ડિટોક્સિફાય કરવામાં અને તેને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે.

# ફંગલ ઈન્ફેક્શનની સમસ્યા જડમુળથી ખતમ કરવા અજમાવો આ ઘરેલુ નુસખા




ફંગલ ઈન્ફેક્શન એક વ્યક્તિમાંથી બીજામાં ફેલાય છે. આ ઈન્ફેક્શન દરેક ઉંમરના વ્યક્તિને થાય છે. ઉનાળાની ઋતુમાં તેનો ખતરો વધી જાય છે. કેમ કે પરસેવાના કારણે સંક્રમણ વધુ ફેલાય છે. અનેક પ્રકારના ફંગલ ઈન્ફેક્શન થઈ શકે છે. જે લોકો શરીરની સફાઈ નથી રાખતા, જેમની રોગ-પ્રતિકારક શક્તિ ઓછી છે તેમને આ ઈન્ફેક્શનનો ખતરો વધુ રહે છે. એવામાં તેનાથી બચવા નીચે જણાવેલ કેટલાક ઘરેલું ઉપચાર ખૂબ કામ આવે છે.

**દહીં** | દહીંનું સેવન ફંગલ ઈન્ફેક્શનમાં ખૂબ ફાયદાકારક સાબિત થાય છે. દહીંમાં રહેલ ગુડ બેક્ટેરિયા એટલે કે પ્રોબાયોટિક ફેક્ટર તમારા પેટના સ્વાસ્થ્ય માટે ગુણકારી હોય છે. સારા બેક્ટેરિયા રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

**લીમડો** | લીમડાના પત્તાને વાટીને તેની પેસ્ટ સંક્રમિત એરિયા પર લગાવવાથી ફંગલ ઈન્ફેક્શન મટી જાય છે. કેમ કે લીમડામાં અનેક ઈન્ફેક્શન અને એલર્જી મટાડવાના ગુણ હોય છે.

**લસણ** | લસણમાં એન્ટી બેક્ટેરિયલ અને એન્ટીફંગલ ગુણ હોય છે. તેનાથી દરેક પ્રકારના ઈન્ફેક્શનથી લડવામાં મદદ મળે છે. તેનું દરરોજ સેવન કરવાથી ઈન્ફેક્શનનો ખતરો રહેતો નથી. ઈન્ફેક્શનવાળા એરિયા પર પણ લસણની પેસ્ટ લગાવી શકો છો.

**તુલસી** | તુલસીમાં પણ એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી વાયરલ ગુણ હોય છે. જેનાથી ઈન્ફેક્શન તરત જ મટે છે. તુલસીના પત્તાને વાટીને પેસ્ટ બનાવી સંક્રમિત એરિયા પર લગાવવાથી આરામ મળે છે.

**હળદર** | હળદરમાં સામેલ એન્ટી સેપ્ટિક, એન્ટી બાયોટિક અને એન્ટીફંગલ ગુણ ફંગલ ઈન્ફેક્શનથી બચવામાં ઉપયોગી સાબિત થાય છે. હળદરવાળું દૂધ ઈન્ફેક્શનવાળી જગ્યાએ લેપની માફક લગાવી શકાય છે. તેનાથી તરત સમસ્યાથી રાહત મળે છે.



# સીડી ચડવાની પ્રેક્ટિસથી શું હાર્ટ એટેકનું જોખમ ઘટી શકે ?

લિફ્ટ યુઝ કરવી અને સીડી ચડવી, આ બન્ને માંથી તમે કયો ઓપ્શન પસંદ કરો છો? નેક્સ્ટ ટાઈમ લિફ્ટનું બટન પ્રેસ કરતા પહેલા થોભજો અને સીડી ચડવાનો પ્રયત્ન કરજો, આ પ્રેક્ટિસ એટલા માટે કરવાની ભલામણ કરવામાં આવે છે કારણ કે, તે તમને ફિટ રાખવામાં મદદ કરે છે અને હાર્ટ અટેકનું જોખમ અને હૃદયના રોગોને અટકાવી શકે છે. આવું એક અભ્યાસ માં જાણવા મળ્યું છે,

યુકેના સંશોધકોએ શોધી કાઢ્યું છે કે દાદરા ન ચડવાનર લોકોની સરખામણીમાં દાદરા ચડવાનર લોકોમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગથી મૃત્યુનું જોખમ 39 ટકા ઘટે છે. ડૉક્ટર ,અભ્યાસ લેખક અને યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંગ્લિયા, નોર્વિચ યુનિવર્સિટી હોસ્પિટલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને નોર્ફોકના ફેકલ્ટી સભ્યએ જણાવ્યું હતું કે, “થોડીવાર ફિઝિકલ એક્ટીવટી કરવાથી પણ સ્વાસ્થ્ય પર ફાયદાકારક અસર થાય છે અને તમે ડેઈલી રૂટિનમાં દાદર ચડવાએ ટાર્ગેટ રાખી શકો છો.”અભ્યાસ હેલ્થી લોકો તેમજ હાર્ટ એટેક અથવા હાર્ટને લગતી અન્ય બીમારીનો ઈતિહાસ ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. અભ્યાસમાં સીડી ન ચડતા લોકોની સરખામણીમાં સીડી ચડતા લોકોમાં મૃત્યુનું જોખમ 24 ટકા ઓછું હતું. સીડી ચડનારાને કાર્ડિયોવેસ્ક્યુલર રોગથી પણ મૃત્યુનું જોખમ 39 ટકા ઓછું હતું અને હાર્ટ એટેક, હાર્ટ ફેલ્યોર અથવા સ્ટ્રોક થવાનું જોખમ ઓછું હતું.

મણિપાલ હોસ્પિટલના ડૉ. કહે છે, “ આ એક એવી કાર્ડિયોવેસ્ક્યુલર કસરત છે જેના માટે તમારે જીમમાં જવું પડતું નથી. આ કસરત તમારું હૃદય, ફેફસાં અને સ્નાયુઓને વારાફરતી એક્ટિવ કરે છે. જ્યારે જીમમાં તમે ફક્ત તમારા બાઈસેપ્સ અથવા ટ્રાઈસેપ્સ પર જ કામ કરી રહ્યા છો. , દાદર ચડવું એ ક્વાડ્રિસેપ્સ, હેમસ્ટ્રિંગ્સ, અને હિપ સહિતના ઘણા મોટા સ્નાયુઓની કસરત થાય છે. તેથી વધુ કેલરી બળી જાય છે અને તમે દુર્બળ સ્નાયુ સમૂહમાં સુધારો કરો છો, જે મેટાબોલિઝમ અને બ્લડ સુગરના રેગ્યુલેશન માટે સારું છે.”

સ્નાયુઓમાં લોહીમાંથી ઓક્સિજન બહાર કાઢવાની સારી ક્ષમતા હોય છે, જેનાથી હૃદયને વધુ લોહી પંપ કરવાની જરૂરિયાત ઓછી થાય છે. આ હૃદયના ધબકારા ધીમા કરે છે, બ્લડ પ્રેશર ઘટાડે છે, સ્ટ્રેસ હોર્મોન્સ ઘટાડે છે, બળતરા ઘટાડે છે, હાઈ-ડેન્સિટી લિપોપ્રોટીન વધે છે અને ટ્રાઈગ્લિસરાઈડ્સને કંટ્રોલ કરવામાં મદદ કરે છે, ટ્રાઈગ્લિસરાઈડ્સએ ફેટ છે જે લોહીમાં સર્ક્યુલેટ થાય છે.

કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ અને મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ,ના કન્સલ્ટન્ટ ડૉક્ટરના જણાવ્યા અનુસાર, દાદર ચડવું એ મધ્યમથી ઉચ્ચ તીવ્રતાની કસરત તરીકે યોગ્ય છે. “આ કસરતની સ્ટાઈલ તમારું VO2 મેક્સને વધારવા માટે દર્શાવવામાં આવી છે,. VO2 max એટલે જ્યારે તમે કસરત કરો છો ત્યારે મહત્તમ ઓક્સિજન યુઝ થાય છે. જેનો ઉપયોગ વ્યક્તિ તીવ્ર અથવા મહત્તમ કસરત દરમિયાન કરી શકે છે. વર્ક આઉટ દરમિયાન વ્યક્તિ જેટલો વધુ ઓક્સિજનનો ઉપયોગ કરી શકે છે, તેટલી વધુ એનર્જી રહે છે.

આ ઉપરાંત, સીડી ચડવું એ એવી કસરત છે જે બેલન્સ,ઓર્ડિનેશનઅને ગતિશીલતાને પ્રોત્સાહન આપે છે. જો કે, હેલ્થ એક્સપર્ટના સૂચવ્યા અનુસાર જે લોકોને ઘૂંટણની સમસ્યા છે અથવા આર્થરાઈટિસ છે તેમણે દાદર ચડવું ન જોઈએ કારણ કે તેનાથી દુખાવો વધી શકે છે. જે લોકોને હૃદયને લગતી સમસ્યા નથી તેઓ દિવસમાં બે કે ત્રણ વખત 10 થી 15 મિનિટ માટે એમ ચાર રાઉન્ડમાં સીડી ચઢી શકે છે. નિયમિત દાદર ચઢવાએ દરરોજ 45 મિનિટની મધ્યમ તીવ્રતાની કસરત સમાન ગણી શકાય છે. હેલ્થ એક્સપર્ટે કહ્યું કે, શરૂઆતમાં ધીમે ધીમે ઓછા દાદરા ચડવાની ભલામણ કરવામાં આવે છે પછી ધીમે ધીમે તમે સમયગાળો વધારી શકો છો.”

# સાવધાન..!! સનગ્લાસ ખરીદતા પહેલા ધ્યાન રાખો

## UVA અને UVB કિરણો આંખની સપાટીની પેશીઓ, કોર્નિયા અને લેન્સને નુકસાન પહોંચાડી શકે છે




ઉનાળાની ઋતુમાં સૂર્યના કિરણોનો પ્રકોપ વધુ હોય છે. આવી સ્થિતિમાં કેટલીકવાર સામે કંઈપણ જોવું મુશ્કેલ બની જાય છે. તેનું કારણ સૂર્યપ્રકાશનું તેજ છે. લોકો સૂર્યપ્રકાશની રોશનીથી બચવા સનગ્લાસ પહેરે છે. ઉનાળાની ઋતુ આવી ગઈ છે, તેથી તડકાથી બચવા માટે સનગ્લાસ પહેરવા પડી રહ્યા છે. સનગ્લાસ પહેરવાથી આંખો પર સીધી રીતે સૂર્યપ્રકાશના સંપર્કમાં આવતી નથી, જેના કારણે તમે સૂર્યપ્રકાશમાં પણ સરળતાથી જોઈ શકો છો.

તે આંખોને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો અને તેજસ્વી પ્રકાશથી સીધા તમારી આંખો સુધી પહોંચવાથી સુરક્ષિત કરે છે. UVA અને ખાસ કરીને UVB કિરણો આંખની સપાટીની પેશીઓ, કોર્નિયા અને લેન્સને નુકસાન પહોંચાડે છે, જે સમય જતાં આંખ અને દ્રષ્ટિની ઘણી સમસ્યાઓ તરફ દોરી શકે છે. આજકાલ બજારમાં ઘણા પ્રકારના સનગ્લાસ ઉપલબ્ધ છે.ઘણા લોકો બજારમાં કોઈપણ ડાર્ક કલરના સનગ્લાસ ખરીદે છે પરંતુ એવું કરવાનું ટાળવું જોઈએ. અમેરિકન એકેડેમી ઑફ ઑપ્થેલ્મોલોજી અનુસાર, કોઈપણ સનગ્લાસ ખરીદતા પહેલા કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ જેથી કરીને તમે તમારી આંખોની સુરક્ષા માટે સારા સનગ્લાસ ખરીદી શકો.

■ **100 ટકા યુવી બ્લોકવાળા સનગ્લાસ ખરીદો**

સનગ્લાસ ખરીદતી વખતે ખાતરી કરો કે તે 100 ટકા યુવી કિરણોને રોકે છે અને તેમાંથી રક્ષણ પૂરું પાડે છે. કેટલાક સનગ્લાસમાં 400 NM સુધી યુવી બ્લોકિંગ હોવાનો દાવો કરવામાં આવે છે, તે માત્ર 100 ટકા યુવીને રોકનાર સનગ્લાસ હોય છે.

■ **ઘાટા રંગનો અર્થ નથી**

સનગ્લાસ ખરીદતી વખતે તેના રંગ પર ન જાઓ. ઘાટા રંગના ચશ્માનો અર્થ એ નથી કે ચશ્મા જેટલા ઘાટા હશે, તે તમારી આંખો માટે વધુ સુરક્ષિત રહેશે. માત્ર 100 ટકા યુવી પ્રોટેક્શનવાળા સનગ્લાસ યુવી કિરણોથી રક્ષણ આપે છે.

■ **પોલરાઈઝ્ડ લેન્સ માત્ર ચમક ઓછી કરે છે**

પોલરાઈઝ્ડ લેન્સ પાણી અથવા રસ્તા જેવી પ્રતિબિંબીત સપાટીઓ પરથી પ્રતિબિંબિત થતી ઝગઝગાટને ઘટાડવા માટે રચાયેલ છે. તેઓ યુવી રક્ષણ પૂરું પાડતા નથી. તેથી, એવું ન વિચારો કે તમે પોલરાઈઝ્ડ લેન્સ વડે યુવી કિરણોથી તમારી જાતને બચાવી શકો છો. આ માટે તમે બજારમાંથી યુવી પ્રોટેક્શનવાળા પોલરાઈઝ્ડ લેન્સવાળા સનગ્લાસ ખરીદી શકો છો.

■ **લેન્સ ગુણવત્તા**

બિન-પ્રિસ્ક્રિપ્શન સનગ્લાસ ખરીદતા પહેલા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. ઉદાહરણ તરીકે, સનગ્લાસ પહેરો અને સપાટ જગ્યાએ જાઓ અને જુઓ કે ફ્લોર તમને દેખાય છે કે નહીં. બંને લેન્સ સમાન છે, એકનો રંગ ઘાટો છે અને બીજો પ્રકાશ છે.

■ **રંગ વાંધો નથી**

રંગીન લેન્સવાળા સનગ્લાસ સૂર્યને એટલું અવરોધતા નથી. જો કે, ભૂરા અથવા ગુલાબી રંગના લેન્સ વધુ વિરોધાભાસી પ્રકાશ પ્રદાન કરે છે. ગોલ્ફ અથવા બેઝબોલ જેવી રમતોમાં રમતવીરો સમાન સનગ્લાસ પહેરે છે. સનગ્લાસમાં લેન્સ પર મિરર ફિનિશનું સ્તર હોય છે જે પ્રકાશને આંખોમાં પ્રવેશતા અટકાવે છે પરંતુ તેનો અર્થ એ નથી કે તે તમારી આંખોને યુવી પ્રકાશથી સંપૂર્ણપણે સુરક્ષિત કરે છે.

■ **સનગ્લાસનું કદ**

તમને સૂર્યથી બચાવવા માટે, મોટા કદના સનગ્લાસ પહેરવા મહત્વપૂર્ણ છે જેથી સૂર્યમાંથી નીકળતા યુવી કિરણોને તમારી આંખોમાં પ્રવેશતા અટકાવી શકાય

# ઉનાળામાં હેલ્ધી સ્વીટ વાનગી એટલે દૂધીનો હલવો

દૂધી એક એવું શાક છે જેને ઉનાળામાં ખાવાની ભલામણ કરવામાં આવે છે. કારણ છે તેના ગુણ જે આ ઋતુમાં શરીરને અંદરેથી ઠંડુ રાખે છે. સ્વાદિષ્ટ શાકભાજી સિવાય તમે તેમાંથી ખીર અને હલવો પણ બનાવી શકો છો. જો તેમાં કેટલાક ડ્રાયફૂડ ઉમેરવામાં આવે તો તે વધુ હેલ્ધી અને ટેસ્ટી બની શકે છે. જેને જો વહેલી સવારે ખાવામાં આવે તો તે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. જાણો દૂધીનો હલવો બનાવવાની રેસીપી.

■ **દૂધીનો હલવા માટેની સામગ્રી**

3 દૂધી, 1 કપ અખરોટ, બારીક સમારેલા, 1 કપ દૂધ

■ **ખાંડ સ્વાદ મુજબ**

3 ચમચી ઘી, 1 ચમચી એલચી પાવડર, 3-4 કેસરી દોરા સમારેલા બદામ



### દૂધીનો હલવો કેવી રીતે બનાવશો?

1. દૂધીની છાલ કાઢીને છીણીની મદદથી બારીક છીણી લો. છીણેલા શાકભાજીને મલમલના કપડામાં નાખો અને વધારાનું પાણી નિચોવી લો.

2. એક તપેલી લો અને તેમાં સમારેલા બદામ ઉમેરો. તેમને મધ્યમ આંચ પર ત્યાં સુધી તળો જ્યાં સુધી તેમાંથી સુગંધ આવવા લાગે અને તે આછા બદામી રંગના થઈ જાય. હવે તેને આંચ પરથી ઉતારીને બાજુ પર રાખો.

3. એ જ પેનમાં 2 ચમચી ઘી લો અને તેમાં છીણેલી દૂધી ઉમેરો. તેને મધ્યમ આંચ પર ફ્રાય કરો જ્યાં સુધી તે નરમ ન થઈ જાય અને પાણી સંપૂર્ણપણે સુકાઈ ન જાય. ધ્યાનમાં રાખો કે તેને વચ્ચે વચ્ચે ઓછામાં ઓછા 15 મિનિટ સુધી હલાવતા રહો.

4. એક વાર દૂધી જાય પછી તેમાં દૂધ ઉમેરો અને બધી સામગ્રી મિક્સ કરો. જ્યાં સુધી દૂધ ઓછું અને ઘટ્ટ ન થઈ જાય અને મિશ્રણ હલવા જેવું ન થઈ જાય ત્યાં સુધી તેને ધીમી આંચ પર થવા દો. ક્યારેક-ક્યારેક હલાવતા રહો જેથી મિશ્રણ તપેલી નીચે ચોંટી ન જાય.

5. જ્યારે દૂધ ઘણું ઓછું થઈ જાય, ત્યારે તેમાં તમારા સ્વાદ મુજબ ખાંડ ઉમેરો. સારી રીતે મિક્સ કરો જેથી તે મિશ્રણની જેમ હલવામાં સંપૂર્ણપણે ઓગળી જાય. તેમાં તળેલા બદામ ઉમેરો અને મિક્સ કરવા માટે હલાવો. મિશ્રણ ઘટ્ટ થાય અને પેનની બાજુઓ છોડવાનું શરૂ ન થાય ત્યાં સુધી રાંધો.

6. હવે હલવામાં એલચી પાવડર ઉમેરો અને તેને મિક્સ કરો જેથી તે સુગંધિત અને સ્વાદિષ્ટ બને.

7. એકવાર દૂધીનો હલવો સુગંધિત થઈ જાય પછી તેને કેસરના દોરાઓ અને પીસ્તા, બદામ, કાજુ વગેરે જેવા ઝીણા સમારેલા ડ્રાયફ્રૂટ્સથી સજાવો અને પ્લેટમાં સર્વ કરો.

સૌથી મોટા હનુમાન મંદિરના મુખ્ય પૂજારી રામ નાથ મિશ્રાએ કહ્યું

કરાચીમાં પંચમુખી હનુમાન મંદિરની જમીન પરના અતિક્રમણ સામેના સંઘર્ષને યાદ કરતા, અયોધ્યાની મુલાકાતે આવેલા મિશ્રાએ કહ્યું કે ભાગલા સમયે, મૂળ ૨૫ હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલા

# પાકિસ્તાન સેનાએ હંમેશા દેશમાં ઉગ્રવાદી સંગઠનો સામે હિન્દુઓનું સમર્થન કર્યું છે



। કરાંચી, તા.૨૦ ।

પાકિસ્તાનના કરાચીમાં આવેલા સૌથી મોટા હનુમાન મંદિરના મુખ્ય પૂજારી રામ નાથ મિશ્રાએ કહ્યું છે કે પાકિસ્તાન સેનાએ હંમેશા દેશમાં ઉગ્રવાદી સંગઠનો સામે હિન્દુઓનું સમર્થન કર્યું છે. કરાચીમાં પંચમુખી હનુમાન મંદિરની જમીન પરના અતિક્રમણ સામેના સંઘર્ષને યાદ કરતા, અયોધ્યાની મુલાકાતે આવેલા મિશ્રાએ કહ્યું કે ભાગલા સમયે, મૂળ ૨૫ હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલા આ મંદિરની મોટાભાગની જમીન પર અતિક્રમણ કરવામાં આવ્યું હતું, પ રંતુ ૨૦૧૮ માં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્ણયને કારણે, અતિક્રમણ દૂર કરવામાં આવ્યું હતું. રામ નાથ મિશ્રાએ જણાવ્યું હતું કે, "અમે અમારા મંદિરની જમીન માટે લાંબી લડાઈ લડી હતી. ઘણા કટ્ટરપ ંથી સંગઠનોએ અમારો વિરોધ કર્યો પ રંતુ અમે પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો અને ભાગલા પહેલા અમારી પાસે રહેલી બધી જમીન પરત કરવાની માંગ કરી. મિશ્રાએ કહ્યું, "સુપ્રીમ કોર્ટે અમારા પક્ષમાં ચુકાદો આપ્યો અને જેહાદી સંગઠનો સામે પાકિસ્તાન સેના અને સરકારના સંપૂર્ણ સમર્થનથી ચુકાદો ઝડપથી લાગુ કરવામાં આવ્યો."મિશ્રાએ કહ્યું, "પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે પણ બધા હિન્દુ મંદિરો માટે ચુકાદો આપ્યો છે. કોર્ટે લઘુમતી સમુદાયના તમામ પૂજા સ્થળો અને મિલકતોને મુક્ત કરીને લઘુમતીઓને સોંપવાનો આદેશ આપ્યો છે. તેમણે કહ્યું, "અમે પાકિસ્તાન સરકારને અપ ીલ કરી છે કે મંદિરને એક ભવ્ય માળખા તરીકે વિકસાવવામાં આવે, જેથી વિશ્વભરના પ્રવાસીઓ આકર્ષાય અને પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને ફાયદો થાય."ભારત-પાકિસ્તાન પરસ્પર સંબંધોનો ઉલ્લેખ કરતા, મિશ્રાએ વિઝા પ્રતિબંધો હળવા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "બંને બાજુના લોકો મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવા માંગે છે. પાકિસ્તાની હિન્દુઓ મારા નેતૃ ત્વમાં ભારતમાં ચારધામ યાત્રા પર જવા માંગે છે, જ્યારે ભારતીય હિન્દુઓ પાકિસ્તાનમાં પ્રાચીન હિન્દુ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા માંગે છે, જેમ કે પેશાવરમાં ગોરખનાથ મંદિર, ચિટ્ટી હટ્ટીમાં શિવ મંદિર, કરાચીમાં પંચમુખી હનુમાન મંદિર અને ઈસ્લામાબાદમાં કૃષ્ણ મંદિર.




રામ મંદિરનું નિર્માણ પૂર્ણ કરવાનું લક્ષ્ય,

# મહાકુંભને કારણે એક મહિનાથી કામની ગતિ ધીમી પડી ગઈ

। અયોધ્યા, તા.૨૦ ।

મહાકુંભ સ્નાન પછી, લાખો ભક્તો રામ લલ્લાના દર્શન કરવા માટે અયોધ્યા પહોંચી રહ્યા છે. જેના કારણે મંદિર નિર્માણના કામ પર અસર પડી છે. આ વિલંબને ભરપાઈ કરવા અને બાંધકામ કાર્ય સમયસર પૂર્ણ કરવા માટે, મંદિર નિર્માણ સમિતિની ત્રણ દિવસીય બેઠક યોજાઈ હતી. બેઠકના પહેલા દિવસે, મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ ટ્રસ્ટના સભ્યો અને ટેકનિકલ અધિકારીઓ સાથે મંદિર પરિસરનું સ્થળ નિરીક્ષણ કર્યું. આ પ છી,એલએન્ડટી કંપનીની ઓફિસમાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં બાંધકામ કાર્ય નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે મહાકુંભને કારણે દરરોજ લગભગ ચાર લાખ ભક્તો દર્શન માટે આવી રહ્યા છે. તેમની સલામતીને ધ્યાનમાં રાખીને, ઘણા બાંધકામ કાર્યો ૨૫ દિવસ માટે બંધ કરવા પડ્યા અથવા ધીમા કરવા પડ્યા. આ કારણે, મુખ્ય મંદિર, પરકોટા અને અન્ય ઈમારતોના બાંધકામની સમય મર્યાદા લંબાવવામાં આવી છે.અગાઉ મંદિરના નિર્માણનો લક્ષ્યાંક માર્ચ ૨૦૨૫ સુધી નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ હવે તેને જૂન ૨૦૨૫ સુધી લંબાવવામાં આવ્યો છે. તે જ સમયે, કિલ્લાનું બાંધકામ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

## ન્યૂઝ બ્રિફ



છઠ્ઠા દિવસે ૩૨ કરોડ રૂપિયાનું કલેક્શન

### વિક્કી કૌશલની ફિલ્મ 'છાવા' ૨૦૦ કરોડની નજીક પહોંચી

। મુંબઇ, તા.૨૦ ।

વિક્કી કૌશલની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'છાવા' બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ છે. આ ફિલ્મે છેલ્લા છ દિવસમાં બમ્પર કમાણી કરી છે. ફિલ્મમાં વિક્કી કૌશલના અભિનયની ખૂબ પ્રશંસા થઈ રહી છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, ફિલ્મ 'છાવા' એ છઠ્ઠા દિવસે ૩૨ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ ફિલ્મે છેલ્લા કેટલાક દિવસોનો પોતાનો કલેક્શન જાળવી રાખ્યો છે. દર્શકોને આ ફિલ્મમાં સતત રસ રહે છે. 'છાવા'ની કુલ કમાણીની વાત કરીએ તો, આ ફિલ્મે અત્યાર સુધીમાં ૧૯૭.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ટૂંક સમયમાં આ ફિલ્મ પણ ૨૦૦ કરોડ ક્લબમાં સામેલ થઈ શકે છે. આ ફિલ્મ રવિવારે જ ૧૦૦ કરોડ રૂપિયાના ક્લબમાં સામેલ થઈ ગઈ.લક્ષ્મણ ઉતેકર દિગ્દર્શિત ફિલ્મ 'છાવા' દર્શકોને ભાવુક કરવામાં સફળ રહી હોય તેવું લાગે છે. આ ફિલ્મમાં તેમણે મરાઠા બહાદુરીની વાર્તા જે રીતે બતાવી છે તે દર્શકોને ખૂબ જ પસંદ આવી છે. ફિલ્મના ઘણા દ્રશ્યો સોશિયલ મીડિયા પર પણ ટ્રેન્ડ કરી રહ્યા છે. આનાથી ફિલ્મને ફાયદો થઈ રહ્યો છે; દર્શકો ફિલ્મ જોવા માટે થિયેટરોમાં આવી રહ્યા છે.

અમેરિકાના ફ્લોરિડામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

### અમેરિકામાં પેલેસ્ટિનિયનોએ બે ઇઝરાયલીઓ પર ગોળીઓ ચલાવતા ખળભળાટ

। ગાઝા, તા.૨૦ ।

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચેનું યુધ્ધ માંડ ઠંડુ પડ્યું છે ત્યારે અમેરિકાના ફ્લોરિડામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાંએક માણસે બે લોકોને ફક્ત એટલા માટે ગોળી મારી દીધી કારણ કે તેને લાગ્યું કે તેઓ પેલેસ્ટિનિયન છે. આ મામલો સામે આવ્યા બાદ બધા સ્તબ્ધ થઈ ગયા. પોલીસના જણાવ્યા અનુસાર, જેમને ગોળી વાગી હતી તેઓ ખરેખર ઈઝરાયલી પ્રવાસીઓ હતા, પેલેસ્ટિનિયન નહીં.આ સનસનાટીભર્યા કેસમાં પોલીસે મોર્દેચાઈ બ્રાફમેન નામના ૨૭ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. તેના પર હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો છે. મિયામી બીચ પોલીસના જણાવ્યા અનુસાર, બ્રાફમેને પોતે કબૂલાત કરી હતી કે તેણે આ લોકોને પેલેસ્ટિનિયન સમજીને ગોળી મારી હતી.પોલીસ રિપોર્ટ મુજબ, બ્રેફમેન મિયામી બીચ પરથી પોતાનો ટ્રક ચલાવી રહ્યો હતો ત્યારે તેણે રસ્તાની બાજુમાં બે માણસોને જોયા. કોઈ ચોક્કસ કારણ વગર, ફક્ત શંકાના આધારે, તેણે ટ્રક રોકી, નીચે ઉતરી અને તેમના પર ગોળીબાર કર્યો. એક વ્યક્તિને ખભામાં ગોળી વાગી હતી જ્યારે બીજાને હાથમાં ગોળી વાગી હતી. સદનસીબે, બંને બચી ગયા. પરંતુ જ્યારે પાછળથી ખબર પડી કે તે બંને ઈઝરાયલી પ્રવાસી હતા, ત્યારે મામલો વધુ ચોંકાવનારો બન્યો.આ હુમલાથી ફરી એકવાર અમેરિકામાં વધી રહેલા ધાર્મિક અને વંશીય હુમલાઓ પર પ્રકાશ પડ્યો છે.

### સલમાન-સંજય દત્ત સાઉદીમાં હોલીવુડ ફિલ્મનું શૂટિંગ કરતા જોવા મળ્યા



। મુંબઇ, તા.૨૦ ।

આ દિવસોમાં સલમાન ખાન અને સંજય દત્ત સાઉદી અરેબિયામાં એક હોલીવુડ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા છે. અત્યાર સુધી દર્શકોને ખબર નહોતી કે આ બંને કલાકારો આ ફિલ્મમાં કેવા પ્રકારનું પાત્ર ભજવી રહ્યા છે. પરંતુ તાજેતરમાં આ ફિલ્મના શૂટિંગમાંથી લીક થયેલો એક વીડિયો સલમાન અને સંજય દત્તના પાત્રો વિશે સંકેતો આપી રહ્યો છે.

સોશિયલ મીડિયા પર લીક થયેલા હોલીવુડ ફિલ્મના વીડિયોમાં સંજય દત્ત કાળા સૂટમાં જોવા મળી રહ્યા છે. જ્યારે સલમાન ઓટો ડ્રાઈવર જેવા ગેટઅપમાં જોવા મળ્યો હતો. તેમજ તે બંને એક ઓટો પાસે ઉભા છે. હોલીવુડ ફિલ્મની આખી ટીમ આ કલાકારોની આસપાસ ઉભી જોવા મળે છે.

સાઉદી અરેબિયામાં શૂટ થઈ રહેલી આ હોલીવુડ ફિલ્મમાં સલમાન ખાન અને સંજય દત્ત કેમિયો રોલમાં હશે. આ એક થ્રિલર ફિલ્મ હોવાનું કહેવાય છે. સલમાન ખાન સાઉદીમાં ખૂબ જ પ્રખ્યાત છે. આવી સ્થિતિમાં, હોલીવુડ ફિલ્મ નિર્માતાઓ તેમની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવવા માંગે છે.

દિલ્હીમાં ભાજપની સરકારની રચના કરવામાં આવી

# દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ સોગંદ લીધા હતાં । ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બન્યા

શપથ વિધિ સમારંભ રામલીલા મેદાનમાં યોજાયો હતો સૌ પ્રથમ રેખા ગુપ્તાએ હિન્દીમાં ઇશ્વરના નામે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં એલજીએ તેમને સોગંદ અપાવ્યા હતાં

। નવીદિલ્હી, તા.૨૦ ।

દિલ્હીમાં ભાજપની સરકારની રચના કરવામાં આવી છે. આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ સોગંદ લીધા હતાં. ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બન્યા છે.શપથ વિધિ સમારંભ રામલીલા મેદાનમાં યોજાયો હતો સૌ પ્રથમ રેખા ગુપ્તાએ હિન્દીમાં ઈશ્વરના નામે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં એલજીએ તેમને સોગંદ અપાવ્યા હતાં. સોગંદ લીધા બાદ તેમણે વડાપ્રધાન મોદીને નમન કર્યા હતાં. ત્યારબાદ મંત્રી તરીકે પ્રવેશ સાહેબ સિંહ વર્મા હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.તેઓ બે વાર સાંસદ રહી ચુકયા છે.તેમણે અરવિંદ કેજરીવાલને નવીદિલ્હીથી પરાજીત કર્યા હતાં. અત્યાર સુધી તેઓ એકપણ ચુંટણી હાર્યા નથી ત્યારબાદ આશીષ સૂદે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં દિલ્હીમાં તેઓ પંજાબી ચહેરો છે.ત્યારબાદ મનજિંદર સિરસાએ પંજાબીમાં સોગંદ લીધા હતાં ત્યારબાદ રવિન્દ્ર ઈદ્રાજ સિંહે સોગંદ લીધા હતાં તેમણે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.સોગંદ



લીધા બાદ ભારત માતા કીનું સુત્ર લગાવ્યું હતું. ત્યારબાદ કપિલ મિશ્રાએ મંત્રી પદના સોગંદ લીધા હતાં હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં મિશ્રાએ આમ આદમી પાર્ટીથી રાજકીય જીવનની શરૂઆત કરી હતી. ૨૦૧૯માં ભાજપમાં સામેલ થયા હતાં તેઓ કરાવલ બેઠકના ધારાસભ્ય છે.કેજરીવાલની સરકારમાં જળ મંત્રી તરીકે કામ કર્યુ હતું. ત્યારબાદ પંકજકુમાર સિંહે હિન્દીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં.તેઓ પહેલીવાર ધારાસભ્ય બન્યા છે.વિકાસપુરી વિધાનસભાના ધારાસભ્ય છે. બિહારના બકતરના નિવાસી છે.સોગંદ વિધી સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથસિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ,ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને કેપી મૌર્ય,મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ,નાયબ મુખ્યમંત્રીઓ અજીત પવાર,એકનાથ શિંદે, બિહારના નાયબ મુખ્યમંત્રી વિજયકુમાર સિંહા, રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવા હાજર રહ્યાં હતાં આ ઉપરાંત એનડીએના સાથી પક્ષોના નેતાઓ હાજર રહ્યાં હતાં. આમ આદમી પાર્ટીના કોઇ નેતા સોગંદ વિધિ સમારંભમાં હાજર રહ્યાં ન હતાં જો કે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ હાજર રહ્યાં હતાં. આપના રાજયસભાના સાંસદ સ્વાતી માલીવાલ હાજર રહ્યાં હતાં.સોગંદ લીધા બાદ નવા મંત્રીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોટા પડાવ્યા હતાં અને મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળના સભ્યોએ તમામ વરિષ્ઠ નેતાઓની સાથે મુલાકાત કરી હતી.

હસીના પર વ્યક્તિગત રીતે કાર્યવાહી થઈ શકે

# ઉત્તર પ્રદેશના જૌનપુરમાં માર્ગ અકસ્માત,૯ શ્રદ્ધાળુઓના મોત

જૌનપુરના બદલાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતો થયા હતા, બંને અકસ્માતોમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા

। જૌનપુર,તા.૧૯ ।

યુપીના જૌનપુરમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. વારાણસીથી બાબા વિશ્વનાથના દર્શન કરવા માટે અયોધ્યા જઈ રહેલા નવ શ્રદ્ધાળુઓના મોત થયા છે જ્યારે ૪૦ અન્ય ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, જૌનપુરના બદલાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતો થયા હતા. બંને અકસ્માતોમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા. જ્યારે ઘણા લોકો હોસ્પિ ટલમાં જીવન અને મૃત્યુ વચ્ચે લડી રહ્યા છે.બદલાપુરમાં એક ટ્રકે સુમોને જોરદાર ટક્કર મારી. સુમોમાં ૮ લોકો હતા, જેમાં એક બાળક, એક પુરુષ અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે. જેમાંથી પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય ત્રણ ઘાયલ થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે. બધા સુમો સવાર ઝારખંડના રહેવાસી હતા. બીજો અકસ્માત પણ બદલાપુરમાં થયો હતો. અહીં એક પેસેન્જર બસ અને ટ્રેલર વચ્ચે ટક્કર થઈ. આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા જ્યારે લગભગ ૪૦ લોકો ઘાયલ થયા હતા. બસમાં ૪૨ લોકો સવાર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જેમાંથી બે પુરુષો અને બે મહિલાઓના મોત થયા હતા અને ૩૭ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી ૨૧ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે. બાકીના ૧૧ લોકો થોડા ઘાયલ થયા છે. બસના મુસાફરો દિલ્હીના રહેવાસી હોવાનું કહેવાય છે.મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો કાશી વિશ્વનાથ વારાણસીથી પ રત ફરી રહ્યા હતા અને અયોધ્યા તરફ જઈ રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો અયોધ્યામાં ભગવાન રામના દર્શન કરવા જઈ રહ્યા હતા. યુપીના જૌનપ ુરમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. વારાણસીથી બાબા વિશ્વનાથના દર્શન કરવા માટે અયોધ્યા જઈ રહેલા નવ શ્રદ્ધાળુઓના મોત થયા છે જ્યારે ૪૦ અન્ય ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, જૌનપુરના બદલાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતો થયા હતા.

# ઋષિ સુનક તેમના પરિવાર સાથે પીએમ મોદીને મળ્યા

। નવીદિલ્હી, તા.૨૦ ।

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનકે પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન ઋષિ સુનકનો પરિવાર પણ હાજર હતો. પીએમ મોદીએ બધા સાથે મુલાકાત કરી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર મીટિંગની તસવીરો શેર કરી છે. આ સાથે પીએમ મોદીએ લખ્યું, 'બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનક અને તેમના પરિવારને મળીને ખૂબ જ ખુશ છું. અમે ઘણા વિષયો પર સરસ વાતચીત કરી. સુનક ભારતના ખૂબ સારા મિત્ર છે અને તે ભારત-યુકે સંબંધોને વધુ મજબૂત કરવા ઉત્સુક છે.તમને જણાવી દઈએ કે બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનક આ દિવસોમાં ભારતના પ્રવાસે છે. તેઓ સતત દેશના જુદા જુદા ભાગોની મુલાકાત લઈ રહ્યા છે અને ભારતની વિવિધતા જોઈ રહ્યા છે. આ ક્રમમાં, પીએમ મોદીને મળ્યા પહેલા, ઋષિ સુનકે તેમની પત્ની અક્ષતા મૂર્તિ અને બે પુત્રીઓ સાથે સંસદ ભવનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમની સાથે રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ પણ હાજર હતી. લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહે સુનક અને તેના પરિવારનું સ્વાગત કર્યું. ઋષિ સુનકે સંસદના ગૃહોમાં ગેલેરી, ચેમ્બર અને કોન્સ્ટિટ્યુશન હોલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન, તેમણે તેના સ્થાપત્ય અને ભવ્યતાની પ્રશંસા કરી.બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનકે પણ આજે નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથે મુલાકાત કરી હતી.

# પ્રધાનમંત્રી બન્યા પછી નરેન્દ્ર મોદી પહેલીવાર ભોપાલમાં રાત્રિ રોકાણ કરશે

। ભોપાલ, તા.૨૦ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૩ ફેબ્રુઆરીએ પહેલી વાર ભોપાલમાં રાત્રિ રોકાણ કરશે. તેઓ ભાજપના સાંસદો, ધારાસભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠકો કરશે. આ પછી તેઓ રાજભવનમાં રહેશે. બીજા દિવસે તેઓ જીઆઈએસનું ઉદ્‌ઘાટન કરશે અને દિલ્હી પાછા ફરશે. આ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તેઓ કુશાભાઉ કન્વેન્શન હોલમાં સાંસદો અને ધારાસભ્યોને મળશે.નરેન્દ્ર મોદી ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીએ મધ્યપ્રદેશના પ્રવાસે રહેશે. પ્રધાનમંત્રી બન્યા પછી મધ્યપ્રદેશમાં આ તેમનો પહેલો રાત્રિ રોકાણ હશે. ૨૩ ફેબ્રુઆરીએ, તેઓ છતરપુરમાં બાગેશ્વર ધામ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલી કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ કરશે. તે જ દિવસે, તેઓ ભોપાલમાં ૨૯ સાંસદો, ૧૬૬ ધારાસભ્યો અને ભાજપના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરશે.

ઇમરાન ખાનના મુખ્ય સહાયકનો દાવો | પીટીઆઈના સ્થાપકે સરકાર સાથેની વાતચીત દરમિયાન કોઈપણ પક્ષના નેતાની મુક્તિની માંગ કરી ન હતી

# પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની ગેરલાયકાત રદ કરવાનો પ્રસ્તાવ તૈયાર

। ઇસ્લામાબાદ, તા.૨૦ ।

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પ ાર્ટીના નેતા ઈમરાન ખાનના એક મુખ્ય સહાયકે દાવો કર્યો છે કે જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાનને તેમની ગેરલાયકાત રદ કરવા માટે અરજી કરવાની ઓફર કરવામાં આવી રહી છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટી (પીટીઆઈ) સરકાર સાથે પાછલા બારણે વાતચીત કરવા માંગે છે તેવા અહેવાલો વચ્ચે આ કહેવામાં આવી રહ્યું છે. અહેવાલ મુજબ, સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલના વડા સાહિબજાદા હામિદ રઝાએ જિયો ન્યૂઝના કાર્યક્રમ "કેપિટલ ટોક" દરમિયાન આ દાવો કર્યો હતો.રઝાએ કહ્યું, "પ ીટીઆઈના સ્થાપકે સરકાર સાથેની



વાતચીત દરમિયાન કોઈપણ પક્ષના નેતાની મુક્તિની માંગ કરી ન હતી. પ રંતુ હકીકતમાં, ત્રણ મહિનાની અંદર, તેમની ગેરલાયકાત રદ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવી રહ્યો છે." એક ઉચ્ચ પદ પર રહેલા સૂત્રએ ધ ન્યૂઝને જણાવ્યું હતું કે પીટીઆઈ ફરી એકવાર સત્તા સ્થાપના સાથે ગુપ્ત વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહી છે તે પછી તેમની ટિપ્પણી આવી. તોશાખાના કેસમાં નીચલી અદાલતના ચુકાદા બાદ, પાકિસ્તાન ચૂંટણી પંચએ અગાઉ ખાનને ઓગસ્ટ ૨૦૨૩ સુધી અથવા પાંચ વર્ષ માટે કોઈપણ જાહેર પદ સંભાળવા માટે ગેરલાયક ઠેરવ્યા હતા.ચૂંટણી સંસ્થાએ કહ્યું હતું કે ભૂતપૂર્વ વડા પ્રધાન ચૂંટણી અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૧૬૭ હેઠળ ભ્રષ્ટ પ્રથાઓના દોષિત છે. દરમિયાન, જીઓ ન્યૂઝ સાથે વાત કરતી વખતે, પીટીઆઈના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિધાનસભાના અધ્યક્ષ અસદ કૈસરે કોઈની સાથે પાછલા બારણે વાતચીતની શક્યતાને નકારી કાઢી. ધ ન્યૂઝના અહેવાલ મુજબ, તેમણે કહ્યું કે વાટાઘાટો માટે કોઈ પાછલા બારણાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી અને ભારપૂર્વક જણાવ્યું કે ભૂતપૂર્વ શાસક પક્ષ સંઘીય સરકાર સાથે કોઈ વાટાઘાટો કરી રહ્યો નથી. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના નેતા ઈમરાન ખાનના એક મુખ્ય સહાયકે દાવો કર્યો છે કે જેલમાં બંધ ભૂતપ ૂર્વ વડા પ્રધાનને તેમની ગેરલાયકાત રદ કરવા માટે અરજી કરવાની ઓફર કરવામાં આવી રહી છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટી (પીટીઆઈ) સરકાર સાથે પાછલા બારણે વાતચીત કરવા માંગે છે તેવા અહેવાલો વચ્ચે આ કહેવામાં આવી રહ્યું છે. અહેવાલ મુજબ, સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલના વડા સાહિબજાદા હામિદ રઝાએ જિયો ન્યૂઝના કાર્યક્રમ "કેપિ ટલ ટોક" દરમિયાન આ દાવો કર્યો હતો.રઝાએ કહ્યું, "પીટીઆઈના સ્થાપ કે સરકાર સાથેની વાતચીત દરમિયાન કોઈપણ પક્ષના નેતાની મુક્તિની માંગ કરી ન હતી.

ભારત-મલેશિયાની મિત્રતા સમુદ્ર કરતાં ઊંડી અને આકાશ કરતાં ઊંચી બનવાની

દરિયાઇ સુરક્ષા, બહુપક્ષીય ભાગીદારી અને સંરક્ષણ ઉદ્યોગના ક્ષેત્રોમાં, બિન-પરંપરાગત દરિયાઇ સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે એક સંયુક્ત જૂથ બનાવવા માટે પણ સંમતિ વ્યક્ત કરી

# ભારત અને મલેશિયા વચ્ચે સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે સહયોગ પર કરાર

। કુઆલાલંપુર, તા.૨૦ ।

ભારત-મલેશિયાની મિત્રતા સમુદ્ર કરતાં ઊંડી અને આકાશ કરતાં ઊંચી બનવાની છે. બંને દેશોએ હાલના સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવાના માર્ગો ઓળખ્યા, ખાસ કરીને દરિયાઈ સુરક્ષા, બહુપક્ષીય ભાગીદારી અને સંરક્ષણ ઉદ્યોગના ક્ષેત્રોમાં. બિન-પરંપરાગત દરિયાઈ સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે એક સંયુક્ત જૂથ બનાવવા માટે પણ સંમતિ વ્યક્ત કરી. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, બંને પક્ષોએ સાયબર સુરક્ષા અને કૃત્રિમ બુદ્ધિ જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહયોગને વધુ વધારવા માટેના પગલાં પણ ઓળખ્યા.તમને જણાવી દઈએ કે તેરમી મલેશિયા-ભારત સંરક્ષણ સહયોગ સમિતિ બેઠક કુઆલાલંપુરમાં યોજાઈ હતી. આ બેઠકની અધ્યક્ષતા સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને મલેશિયાના સંરક્ષણ મંત્રાલયના સેક્રેટરી જનરલ લુકમાન હાકિમ બિન અલીએ કરી હતી. સંરક્ષણ મંત્રાલયે એક



નિવેદનમાં જણાવ્યું હતું કે, "બંને પ ક્ષોએ તાજેતરના વર્ષોમાં બંને સશસ્ત્ર દળો વચ્ચે નિયમિત સંપર્કો સાથે વધતા દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો હતો."બંને પક્ષોએ દ્વિપ ક્ષીય સંરક્ષણ સંબંધો તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને વધુ વિસ્તૃત કરવા માટે અસરકારક અને વ્યવહારુ પગલાં પર વ્યાપક ચર્ચા કરી. "બંને પક્ષોએ સાયબર સુરક્ષા અને એઆઈ જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહયોગને વધુ વધારવા માટેના પગલાં ઓળખ્યા," નિવેદનમાં જણાવાયું છે. તેમણે ખાસ કરીને સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ સુરક્ષા અને બહુપક્ષીય ભાગીદારીમાં હાલના સહયોગને વધુ ગાઢ બનાવવાના માર્ગો ઓળખ્યા. તેમણે "બિન-પરંપરાગત દરિયાઈ સુરક્ષા જોખમોને સંબોધવા માટે સંયુક્ત જૂથ" સ્થાપિત કરવા પણ સંમતિ દર્શાવી, એમ તેમણે જણાવ્યું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પ ક્ષોએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના સંરક્ષણ સ્તંભ હેઠળ નવી યોજનાઓને સંપૂર્ણ રીતે અમલમાં મૂકવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત અને મલેશિયાએ વ્યૂહાત્મક બાબતોના કાર્યકારી જૂથની સ્થાપના પર અંતિમ સંદર્ભ શરતોની પણ આપ-લે કરી હતી. ભારત-મલેશિયાની મિત્રતા સમુદ્ર કરતાં ઊંડી અને આકાશ કરતાં ઊંચી બનવાની છે.

જૂનાગઢના ભવનાથ તિર્થ ક્ષેત્રમાં

## ૨૬ ફેબ્રુઆરીથી શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

**ભગવાન ભોળાનાથની ભક્તિનું પ્રતિક અને ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ એવા ભવનાથમાં શિવરાત્રિની ઉજવણીની તૈયારીઓ શરૂ**



। જૂનાગઢ, તા.૨૦ ।

ભગવાન ભોળાનાથની ભક્તિનું પ્રતિક અને ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ એવા ભવનાથમાં શિવરાત્રિની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આગામી ૨૩ તારીખથી શિવરાત્રિ સુધી લાખો ભક્તોનો જમાવડો જૂનાગઢના ભવનાથમાં થવાનો છે. ત્યારે જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા ભવનાથમાં શિવરાત્રિની વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. જૂનાગઢના ભવનાથનો શિવરાત્રિનો મેળો લઘુ કુંભ તરીકે ઓળખાય છે. જ્યાં રવેડી યોજી અને મૃગી કુંડમાં નાગા સાધુઓના સ્નાનના દર્શન માટે અને ભવનાથના દર્શને લાખો શ્રદ્ધાળુઓ આવે છે. એટલે જ કહેવાય છે કે ભવનાથમાં દર વર્ષે શિવરાત્રિનો લઘુ કુંભ, દર ચાર વર્ષે કુંભ અને દર બાર વર્ષે મહા કુંભ ઉજવાય છે.શિવરાત્રિની તૈયારીઓ અંગે જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર ડો. ઓમ પ્રકાશએ વાતચીતમાં જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવરાત્રિની ઉજવણીની તૈયારીઓ કરી છે. ભવનાથને જોડતા તમામ રસ્તાઓનું સમારકામ કરી દેવાયું છે. ભવનાથમાં લાખોની સંખ્યામાં ભક્તોની ભીડ ઉમટવાની છે જેથી ભવનાથમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. શ્રદ્ધાળુઓને પણ અપીલ કરવામાં આવી છે કે પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે. દરેક ચેક પોસ્ટ પર પણ પ્લાસ્ટિકના ઉપયોગને લઈને ચેકિંગ કરવામાં આવશે. મેળામાં આવનારા ભક્તો માટે પ ાણીની પુરતી વ્યવસ્થા કરવામાં

## રાજ્યનાં હવામાનને લઇ આગાહી, બેવડીઋતુનો અનુભવ થશે,આગાહી

। અમદાવાદ, તા.૨૦ ।

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં બેવડીઋતુનો અનુભવ થાય તેવી સંભાવના છે. હવામાન વિભાગનની આગાહી અનુસાર ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં વાતાવરણમાં પલટો આવી શકે છે. માર્ચની શરુઆતમાં વાતાવરણમાં મોટા ફેરફારોની સંભાવના છે. ફેબ્રુઆરી અંત સુધીમાં રાજ્યમાં તાપમાન રહે તેવી શક્યતા છે. માર્ચની શરુઆતમાં વાતાવરણમાં ફેરફારની કૃષિ પાકો પર અસર થાય તેવી સંભાવના છે.

એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજપત્રમાં વિશેષ જોગવાઇ

# પાંચ શહેરોમાં ગ્રીનફીલ્ડ એરપોર્ટ, હાઈસ્પીડ કોરીડોર બે નવા એક્સપ્રેસ-વે, બજેટમાં સરકારે આપી ભેટ

**ઊર્જા સુરક્ષા માટે ૨૦૩૦ સુધીમાં રીન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક વધારીને ૧૦૦ ગીગા વોટથી વધુ કરવાનું આયોજન**

। ગાંધીનગર, તા.૨૦ ।

ઊર્જા સુરક્ષા માટે ૨૦૩૦ સુધીમાં રીન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક વધારીને ૧૦૦ ગીગા વોટથી વધુ કરવાનું આયોજન છે. હાલમાં ૩૭ ગીગાવોટના રીન્યુએબલ એનર્જી પાર્કનું નિર્માણ કાર્ય કચ્છ ખાતે પ્રગતિ હેઠળ છે. એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજપત્રમાં વિશેષ જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત ભૂકંપ, ચક્રવાત જેવી કુદરતી આપત્તિઓની શક્યતાઓ ધરાવતું રાજ્ય છે. આપ ત્તિ વ્યવસ્થાપનને ઝડપી બનાવવાના લક્ષ્ય સાથે સાયકલોન પ્રતિરોધક વીજ માળખું, રસ્તાઓ તથા અન્ય માળખાકીય સુવિધાઓ બનાવવાનું આયોજન છે. રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓ માટે હાઈસ્પીડ કોરીડોર તેમજ એકસપ્રેસ વે વિકસાવવા માટે આ બજેટમાં કુલ ૧૦૨૦ કરોડની જોગવાઇ સૂચવું છું. "ગરવી ગુજરાત



હાઈસ્પીડ કોરીડોર" પ્રોજેકટ હેઠળ ૧૩૬૭ કિ.મી.ના ૧૨ નવીન હાઈસ્પ ીડ કોરીડોર વિકસાવવામાં આવશે. વધુમાં રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વે વિકસાવવામાં આવશે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને "નમોશક્તિ એક્સપ્રેસ-વે" તરીકે વિકસાવવામાં આવશે. અમદાવાદથી રાજકોટ અને તેનું એક્ષટેન્શન દ્વારકા, સોમનાથ તથા પોરબંદર જેવા ધાર્મિક, પ્રવાસન સ્થળો અને બંદરોને જોડતાં "સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે" તરીકે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત મહત્વના પ્રવાસન સ્થળોને હવાઈ માર્ગે જોડવાનું આયોજન છે. ભારત સરકારના સહકારથી સુરત, વડોદરા, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના વિસ્તરણ તથા દાહોદ ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ બનાવવાનું આયોજન છે. ઊર્જા સુરક્ષા માટે ૨૦૩૦ સુધીમાં રીન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક વધારીને ૧૦૦ ગીગા વોટથી વધુ કરવાનું આયોજન છે. હાલમાં ૩૭ ગીગાવોટના રીન્યુએબલ એનર્જી પાર્કનું નિર્માણ કાર્ય કચ્છ ખાતે પ્રગતિ હેઠળ છે. એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજપ ત્રમાં વિશેષ જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત ભૂકંપ, ચક્રવાત જેવી કુદરતી આપત્તિઓની શક્યતાઓ ધરાવતું રાજ્ય છે. આપત્તિ વ્યવસ્થાપ નને ઝડપી બનાવવાના લક્ષ્ય સાથે સાયકલોન પ્રતિરોધક વીજ માળખું, રસ્તાઓ તથા અન્ય માળખાકીય સુવિધાઓ બનાવવાનું આયોજન છે.


# નોકરિયાત મહિલાઓ માટે ગુજરાત સરકારની મોટી ભેટ, ૫ શહેરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે

**મહિલાઓની આત્મનિર્ભરતા માટે સરકારે નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરી**

। ગાંધીનગર, તા.૨૦ ।

ગુજરાત સરકારના નાણામંત્રી કનુ દેસાઈએ રાજ્યનું વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટની જાહેરાત કરી છે. ત્યારે તેમણે ગુજરાતની મહિલાઓને પગભર બનાવવા માટે એક નવી યોજનાની જાહેરાત કરી છે. મહિલાઓની આત્મનિર્ભરતા માટે સરકારે નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરી છે. જેમાં મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી તથા તાલીમ આપ વામાં આવશે. આ સાથે જ બજેટમાં જે મોટી જાહેરાત કરાઈ છે, તે વર્કિંગ વુમન્સ હોસ્ટેલ બનાવવાની છે. આ જાહેરાત અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરમાં સુવિધાજનક વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન છે. નાણામંત્રી કનુ દેસાઈએ જાહેરાત કરતા કહ્યું કે, મહિલાઓની આત્મનિર્ભરતા માટે હું નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરું છું. જેમાં મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી તથા તાલીમ આપવા ?૧૦૦ કરોડની જોગવાઈ કરું છું. આપણી જે બહેનોને નોકરી માટે પોતાના ઘરથી દૂર રહેવાની જરૂર પ ડે છે. તેના માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરમાં સુવિધાજનક વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન છે. આજકાલ અન્ય શહેરોમાંથી મહિલાઓ નોકરી માટે બીજા શહેરોમાં આવતી હોય છે. આ મહિલાઓને રહેવા માટે પીજી તથા ભાડેથી ઘર રાખવા પડતા હોય છે.


નિયુ ટુર્સ - 6352800794
ગોવા ટુર — 3 રાત્રી 4 દિવસ — સ્પે. વુમન્સ માટે
રૂ.17,999/-* પ્રતિ વ્યકિત
▸ ફ્લાઇટ ટિકીટ સાથે
▸ 3 સ્ટાર હોટેલ સ્ટે
▸ પિક અપ ડ્રોપ
▸ સાઇટસિન
▸ બ્રેક ફાસ્ટ અને ડિનર
ઓલ ઈન્ડીયા વેકેશન ટુર પેકેજ ઉપલબ્ધ




ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક
અમદાવાદમાં
ન્યૂઝ મીડિયા ક્ષેત્રે
કરિયર બનાવો
ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે
છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે
ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..
લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125
વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in












**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya